ખંભાત નિવાસી પ્રખ્યાત કવિ.

રેવાશંકર કૃત.

મચ્છવેધ.

રચનાર

રેવાશંકર જયશંકર–ખંભાત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુટે બુકસેલર

ત્રણદરવાજા–અમદાવાદ.

આવૃતિ ૧ લી. પ્રત ૨૦૦૦

સંવત ૧૯૬૮ સને ૧૯૧૨.

શ્રી "પ્રજાહિતાર્થ" મુદ્રાલય પ્રેસમાં પટેલ દલપતરામ મકુનદ

છાપ્યું–શાહપુર નવીપોળ–અમદાવાદ.

કિંમત ૦—૮—૦ આના.

ખંભાત નિવાસી પ્રખ્યાત કવિ.

રેવાશંકર કૃત.

મચ્છવેધ.

રચનાર.

રેવાશંકર જયશંકર—ખભાત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર

ત્રણદરવાજા—અમદાવાદ.

આવૃતિ ૧ લી. પ્રત ૨૦૦૦

સંવત ૧૯૬૯ સને ૧૯૧૨.

શ્રી "પ્રજાહિતાર્થ" મુદ્રાલય પ્રેસમાં પટેલ દલપતરામ મકનદાસે છાપ્યું—શાહપુર નવીપોળ—અમદાવાદ.

કિંમત ૦—૮—૦ આના.

ખંભાત નિવાસી પ્રખ્યાત કવિ

રેવાશંકર કૃત.

મચ્છવેધની કથા પ્રારંભ.

અધ્યાય ૧ લો.

રાગ. આશાવરી ગણુપતિ ગુણુંપતિ અને શ્રીપતિ, ધીપતિ સ્મરી રાય; ગુરૂ પદ પંકજ પ્રણુમી કહું હવે, મચ્છ વેદ કથાય. ૧ લાખા ગ્રહથી પાંડવ નાઠા, સ્મરી શ્રી વ્રજરાય; વન ઉપવન ગિરિ ઓળંગતા, ધૌમ્ય આશ્રમે જાય. ૨ તિર્થ અનોપમ ઉત્તમ વન છે; ધૌમ્યરૂષીનાં વાસ, પંચે વિર કરી પરકંમા; બેઠાં પ્રણમીને પાસ. ૩ સ્તુતિ કરી તાં પાંડુના સુત, તવ જાગ્યા તજી ધ્યાંન; તત ઓળખ્યા પાંડુસુતને, મુંનીવરે દીધુ માંન. ૪ વિગત વાત કરિ વીસ્તારી; વખે નીકળીયા વંન, ગુરૂ તમે થાવો ગુણસાગર, બોલ્યા ધર્મ વચન. ૫ ધૌમ્યરૂષીયે ધીરજ્ય દીધી; રોહો સૌને સુખ થાશે, ભાગ્ય તમારાં ભળશે ભાઇ; આ દુઃખના દિન જાશે. ૬ દ્રુપદને ઘેર સુતા સ્વયંવર, ચાલો સઉ મુજસંગ; મહીપતી દેશ સમસ્ત તણા તાં, મળશે ધરી ઉમંગ. ૭ મુંનીવરે તાં ઉપદેશાજ આપ્યો પાંડવ સુખીયા થાય; પંચ પુત્રને માતા ગુરૂતે, સૌપાચાળ પળાય. ૮ વાટયે વિપ્રતણાં તાં ટોળાં દોદશ દાંડયાં જાય; સભા સ્વયંવર સોભા જોવા, મડ્ડા મુંનીવર મકલાય. ૯ ધરમધીર આદેસુત સરવે; ધરયો કાપડીવેશ, વનકળ વસ્ત્ર જીરણ રાખ્યા; પંચપુત્રે શીર કેશ. ૧૦ તુંબી પાત્રને કરે જ્યેષ્ટીકા, ધરીયાં આયુધ અંગ; ધાડવસ્ત્રની ઘાતડી, નવલોહ્યા નવરંગ. ૧૧ જતાં જુત્યને પાંડવ પુછે છે; કયાં દ્વીજરાય, સોમપ કેહે સ્વયંવર મધ્યે; દાંન દક્ષણા થાય. ૧૨ દ્રુપદરે નીમ ગ્રહ્યો છે, મચ્છ વેંધશે યેહ; તેને તે વરમાળ આરોપે, વરે કંન્યા

૧૩ દેશ દેશના ભુપત તે સઉ; મંડપે ટોળે થાય, ભીંમ કહે તાં મળશે ભોજન; અમને યે આશાય. ૧૪ શરિર જોઇને સોમપ કહે, તમ્યે કો ક્ષત્રીના તંન; ભાગ્ય હોયતો મળે ભાંમની, વદતા વિપ્ર વચંન. ૧૫ વાટયે વ્યાસ મળ્યા તાં જાતાં; નમીયા પાંચે પાય, કે તંમ્યો દ્રુપદને પુર જાજ્યો; હરી કરશે સુખરાય. ૧૬ કુંભાર ઘેર ઉતારો કરજ્યો, પ્રગટ ન કરશો નામ; વ્યાસ ગયા કે એમ પળાને, પાંડવ ચક્રિધાંમ; ૧૭ વિશ્રાંમ. ચક્રિધાંમ આવી વસ્યા, ગુરૂ સાથ્યે ગુણવંતરે; સેવા સુત પંચે કરે, ધૌમ્ય લહી સદ સંગરે. ૧૮ દ્રુપદરાયે દેશ સઉ, લખી પત્રીઓ ઝાહારરે; રેવારસીક આદી તાંહાં, મળીયા ભુપ અપારરે. ૧૯ ઇતિશ્રી ભાષાભારતે શતશાહસ્ત્ર સંહીતાયાં; આદીપર્વ પવિત્ર પાખ્યાને, કવિ શ્રી રેવાશંકર વિરચીતે; ધૌમ્ય પાંડવ સમાગમો નાંમ પ્રથમોધ્યાયઃ ॥ ૧ ॥ છ

અધ્યા ૨ જો.

રાગ. ધનાશ્રી. વૈશમપાયન કહે સુણયરાય, સુત શૌનકને કહે કથાય. ૧ પત્રીયો લખી પાંચાળ ભુપ; આવે અધીપતી સત્રળા અનુંપ. ૨ હસ્તીનાપુરમાં લહીં વાત, હરખ્યા કૌરવ જે શત ભ્રાત. ૩ દુર્યોધન કરે મનમાં વિચાર, વરવી કન્યા માહારે નીરધાર. ૪ તેડયો કરણ પોતાનારે મેડી, પુછી વાત યેકાંત્યેરે તેડી. ૫ કાંણુકરી હશે વરવાની રીત, મુને સમાળાવો યેકરે ચીત. ૬ કર્ણ કહે જોઇ જળમાંરે દાહાડે, ઊંચો મચ્છ તે વેંધીને પાડે. ૭ તેને દ્રૌપદી વરશેરે રાય. પણ કામ તે કઠણ જણાય. ૮ દુર્યોધન કહે કરે હેવાં કામ, મારી પાસે લ્યો તેમનાં નામ. ૯ કરે અરજુન હોયતો જે, તે તો પરથમ કીધો રે પ્રાજે. ૧૦ હાલ મચ્છ વેધે હેવારાય, કક્ષ દેવ ભીશ્મ પીતાય. ૧૧ હુયે ચારમાંથી ધારે જયેહ, લાવે દ્રુપદ તંન ત્યેહ. ૧૨ દુર્યોધન કહે શું મેંથી ન થાય. તારે કર્ણ તાંહ ડસકુરેખાય. વી નંદન કહે નીરધાર, મને ભાસે ને રાજ્ય કુમાર. ૧૪ ઇછા કંન્યાની

આપને હોય, તમે ચીંતાન કરશોરે તોહ્ય. ૧૫ ભિશ્મ વરવાના ને કોઇ કાળે, કાટે મચ્છ માંહાં મુનવ ભાળે. ૧૬ ક્રશ્ન બળદેવ છે વીર જોડ, તેને કન્યાના ના મળે ખોટ. ૧૭ કરૂ હું તે કારજ્યે મનવાપુ, તોયે કન્યા તે તમને આપુ. ૧૮ બીજા ભુપ વંઘે હેવા જેહ, જરાસંઘે કરયા કેદ તેહ. ૧૯ કન્યા કર કોને જાવાની દેઉ, જીતી રાજ્યને માટે લેઉ. ૨૦ માટે સાજન લેઇનેરે ચાલો, સજી શ્રીફળ કરમાંરે ઝાલો. ૨૧ નીતો જીતીને છેવટે લેવી, કન્યા કરકોને જાવા ન દેવી. ૨૨ ભુપે જાણ્યું આવટય ભાગી, પીઠી ચોળી ત્યાં પુર પત્યે માગી. ૨૩ ભેર ભુંગળ દીધું દદાંમ, વાત વિસ્તરી ઠામોરે ઠાંમ. ૨૪ મંડપ મોરત કરવાને જાય, તેહવે આવ્યા તાંહ ભીશ્મ પીતાય. ૨૫ કહે લ્યા શું આજે લગ્નહે ધાંમ, તારે કીધુ સ્વયંવર કાંમ. ૨૬ ભીશ્મ કહે મતી મંદકુમાર, ખોવા બેઠો તું કયાં કુળ ભાર. ૨૭ વિહીવા પેહેલો શીમંત શાંમાન, બીજા કોન કરે મતીવાન. ૨૮ કયેમ જાણ્યુતારૂ થશે કાજ્ય. હાથે ખોવાને બેઠોરે લોજ્ય. ૨૯ યેમ વિદુરે વારયો નૃપ તંન, માંન્યુમતી યેન કોનું વચન. ૩૦ દુર્યોધન ગયો તાતની પાસ, કહ્યો માંડીને સઊ ઇતિહાસ. ૩૧ મચ્છવેધ યે કોથીની થાય. તો શુ રેહેશે કુવારી કન્યાય. ૩૨ આપણા ઊગ્રકુળીતજીરાય, બિજા કોનેયે દેશે કન્યાય. ૩૩ હેથી સરવજી જઉ વિધિ, કેશ્યે પણ પાંકી કન્યારે લીધી. ૩૪ અનાયાસ્યે મળે તો કેવાય, મળી કર્મ યોગે યે કન્યાય. ૩૫ ભીશ્મ વિદુર પાંડુ પખે બેઠા, તે આ કાંમ કથાળવા બેઠા. ૩૬ ચડતી ડેરડી મરડીને પાડે, સદા પંથ ચડાવે છે આડે. ૩૭ પારથ ઉપર પ્રિતિરે ભારી, હોતતો જાત વરસણ ગારી. ૩૮ મને મારવા બેઠારે મેહેણું. હેવુ વરથી છે માહારે અલેણું. ૩૯ વશી નાતને અંતરવાત, પીઠી ચોળોને જાવો પ્રભાત. ૪૦ સુખી મંડપ સુરત કીધુ, પીઠી ચોળી મીંઢળ કર દીધુ. ૪૧ પળ્યા ભીશ્મતાં અંધની પાસ. અરે શુ આ કરો ઊપહાસ. ૪૨ આંખ્યો ગઇ છે શું હૈયુરે ફુટયુ, તારે કુંવરે તો કરમ આ ફુટયુ. ૪૩ ધૃતરાષ્ટ્ર કેહ શું રાખોવારી, નથી પાંચતી બુદ્ધી તમારી. ૪૪ સુતમાં કોણે બુદ્ધીરે આવી, મને સરવે બીના સમઝાવી. ૪૫ હું તો ગણતો હુતો તેને બાળ, તપથી તેમાં છે બુદ્ધી વિશાળ. ૬૪ મીઢળ બાંધીને શ્રીફળ ગ્રેહે, માંહાંમાં મારીને કન્યાયે લેશે. ૪૭ વરવાહાંસ ભરયો સુત જાય, તમને

તેશી અરીશ્યારે થાય. ૪૮ વૃથા ટોકશોને માહારા તંન, મેં તે જોયાં છે સઉનાંરે મંન્ન. ૪૯ ભિશ્મે જાંણ્યુ કે વળીયોરે રોળ, ઘાલ્યો અંધે અંધે આ ઘરમાંરે ઘોળ. ૫૦ કેહ્યેતો નસયેહ હાવે ધરમ, જે તેજક્તમાં આંખ્યની શરમ. ૫૧ રહ્યા થાકીને વૃદ્ધ તે ઠાંમ, કીધુ પુર પત્યે પરણ્યાનું કામ. ૫૨ મીઢળ બાંધી પીઠી ચોળી અંગ લિધાસોભઇ સેનાની સંગ. ૫૩ શીફળ કરમાં લેઈ ગજ પર ચઢીયો, મુંકે વરવાની આશાયે હડીયો, ૫૪ દીધુ દુંદુભીને રણતુર, મળ્યુ જાવા સઉ હસ્તીનાપુર. ૫૫ હાકયા ગજરથ હયશણગારી, કરી સરવં સંઘાત્યેરે ત્યારી. ॥ ૫૬ ॥ પુંઠે માંનુંની મંગળ ગાય, કુળ દેવ ને લાગ્યો જે પાય. ૫૭ મનમાં માનતામાંની તાંરાય, જાંન લેઇને જીયાવર જાય. ૫૮ આવ્યો દ્રુપદ ભુપને ધાંમ, સ્કંધિશપુર નગરનું નાંમ. ૫૯ ઘેર ઘેરતાં મંગળ ગાય, રચ્યો સ્વર્ગ સમી રચનાય. ૬૦ કીધાં મંદીર ચીત્ર વિચીત્ર, તરિયા તોરણ બાંધ્યાં પવિત્ર. ૬૧ રીગી જાળી અટારીનેં બારી, મુકયા કનક કળશ સણગારી. ૬૨ લીલા પીળાને લાલ સપેત. પચરંગીની વેલ્યો સમેત. ૬૩ ચોઢયા ચોમગના કદળીના છોડ. લીલા લેહેકતા પુષ્પના ધીડ. ૬૪ સોભા સરસ તે શેહેરની ભાવી, રાજ્ય મારગ મુકયા છટાવી. ૬૫ પ્રગટયા ચોદશ તે દીપ માળ, મંડપ ત્રણ્ય યોજનનો વિશાળ. ૬૬ ફરતાં આસન ભુપનાં કરીયાં, મીનાકારીનાં ચીત્ર ચીતરીયા. ૬૭ જેને જેવા ઘટે અધીકાર, તેવાં આસન યુક્તીનાં સાર. ૬૮ આસન ઉપર નાંમ અનુંપ, વાંચી બેસેનાં ભુપતણા ભુપ. ૬૯ પાસે સચીવ ને સંગે છે સુત, વરણે ભુપના ગુણ અદભુત. ૭૦ મોતીચંદનીયો ચોપાસ, હીરાઝળ કે જમ ઊડણવાસ. ૭૧ મણી મંડપે જડીયાતે સોમ, આવ્યુ ભાનું મંડળ બીજુ ભોમ્ય. તક્તા ચોપાસે ફરતારે છાજે, મેઝરનાં ઝાડ- બિરાજે. ૭૩ કાહાડી કોરીક માંન્ય બિસાર, જુવે તેવું દીસે ચારે કોર. ૭૪ પચરંગની હાંડીયો નાંધી, ફરતી જરીયાંની જાજમો બાંધી. ૭૫ પુર્વાભિમુખ બેઠા છે રાય; દક્ષણ ભાગે છે વિપ્ર સભાય. ૭૬ પશ્ચમ પાસે છે દ્રુપદધાંમ, ઉત્રાભી મુખ નગ્ર તમાંમ. ૭૭ ચારદવાજા મુકયા ચોપાસ, આપ્યા ઘટતા ઉતરવાને વાસ. ૭૮ મોદી સોંપીયા જળભરનાર, આપે મુખ માગે તે પ્રકાર. ૭૯ સેના તંબુ તાણી પડી બાહારય, જાંણ્યે વિશ્વ વશ્યુ તેણે ઠારય. ૮૦ પુરવીટી પડયારે કોટ, થાયે સાંમટા શબ્દના સહોર.

૮૧ ॥ વિશ્રામ ॥ સોહોર થાયે તાં સાંમટો, મળીયા ભુપતયાંયે; વિવિધ પ્રકારે વિસ્તરૂ તે ભુપતનાં નાંમરે. ૧ સુરસ્વયંવરમાં મળ્યા, કંન્યા કાજ્યે તાંહ્યરે. ૨ ઇતિશ્રી ભાષા ભારતે, શતશાહસ્ત્ર સંહિતાયાં; આદીપર્વ દ્રુપદ પાખ્યાને કવી શ્રી રેવાશંકર વિરચિને, દ્રૌપદિ સ્વયંવર વિધીવર્ણો નામ દ્વીતીયો ધ્યાયઃ ૨ ૭ ॥ ૭ ॥ ૭ ॥ ૭ ॥ ૭ ॥

અધ્યાય ૩ જો.

રાગ. મેવાડો. વૈશમપાયન બોલીયા; સુણો મહીમતીરે; બેઠા દ્રુપદ સભાની માંય, તે કહુ ભુપતિરે. ૧ હસ્તીનાપુરથી આવીયા; તે વીશે કઉરે, દુર્યોધંન દુશ્યાસનાદીક; શત બંધુ સઉરે. ૨ કરણ વીદુર વૃસકેતને, મેઘવરણે છે રે; સુબળ, સકુની, શાલવ, શોમ; શલ્ય, સુપર્ણ જે; રે. ૩ બળી, બળશુંન્ય; બાલ્હીકને, બોજ ભુપતીરે; ભુરીશ્રવા પુંઢર ભગદત્ત, મણીમાંન મહામતીરે. ૪ વિશ્વસેન; વૈરાટને, કાશીરાય છે રે; જયદ્રથને, જરાસંધભુપ; સરસ સોભાય છે. ૫ દંડધાર, દળભંજન; નેં ગાંધાર છે રે, સેંનાબીંદુ; સુદક્ષણ, સુમીત્ર; અધીપત, પાર છે રે. ૬ સમુદ્રસેન; સેહેંવને, શીશુપાળ; છે રે, ચિત્રવર્મા; કલીંગને, મદ્ર; મચ્છ, મેવાળ; છે રે. ૭ ભીશ્મક રૂકમાંગદ, રેવંત; યાદવવળીરે, ઉગ્રસેન; ઉધવ, અક્રુર; કૃશ્ન, સાત્વીક; બળીરે. ૮ કૃતવર્મા, અનીરૂદ્ધનેં; શાંબસારણરે, પ્રદ્યુમન; શોણીતાક્ષ, સુખેણ; મહા બળધારણરે. ૯ હંસધ્વજ, નિલધ્વજતાંહાં; મોરધ્વજ ગયારે, તાંમ્રધ્વજ; યોવનાશ્વર આવે, સઉ ભુપત કહ્યારે. ૧૦ મુંની મંડળતાં રાજતુ; તેને વરણુઉરે, વ્યાસ; વાલમીક, અત્રી; અગસ્ત, ગઉતમ; ને ગઉરે. ૧૧ કવણ; કૌશીક, નેં અંગીરા; ભારદ્વાજ છે રે, શાંડીલ, ગાલવ; ગર્ગાચાર્ય, માંડવ-રાજ્ય છે રે. ૧૨ વશીષ્ટનેં; વાંમદેવજી, નારદનેં; અવનરે, બગદાલવને; રૂષી ધૌમ્ય, જેજગપાવનરે. ૧૩ પાંચ પાંડુતણા પુત્ર છે; તાં વિદ્યારથીરે, ધરી કાપડી કેરા વેશ; બેઠા તે મહારથીરે. ૧૪ દેશે રે દેશના ભુપતી, તાંટોળે

મળ્યારે; વરવા વીનતાની સઉને આશ, તાં ટોળે વળ્યારે. ૧૫ કોઇ કલીગ કાબળ; તણા, કોકું કણપતીરે; કરણાટક કાંમરૂ કારમેર, કોછે કુરંગતીરે. ૧૬ કંધાર કચ્છ કનોજના; કેકે કાશીનારે, ખોરાસાંન; ગુજર, ગાંધાર; ગોરાડસીનારે. ૧૭, તિલંગ તલત્રો દ્રવીડના, ભુપ તાં મળ્યારે; દિલ્લી, દ્વારકાંને; નેપાળ, ઢંઢારના વળ્યારે. ૧૮ પુર્વ પાટણ પંઞાબના; તે પાંચાળ માંરે, માગ ધમુલતાંની મારૂ મેવાડય; ભાંમની ભાળમાંરે. ૧૯ મલબાર મથુરાં મરાષ્ટના, મોટા મહીપતીરે; ચીન વિલાયત નેં બંગાળ; જંગમને જયતીરે. ૨૦ બ્રાહ્મણ ક્ષત્રી વૈશયે, જોવા આવિયારે; બેઠા અધીપતી ઓળે ઓળ, ભુપને ભાવિયારે. ૨૧ વાજીત્ર વાજે અતિ ઘણાં; સભા ઝાં રચીરે, નથી તલ મુકયાનોરે માગ; મેદનીતાં મચીરે. ૨૨ ભેર ભુંગળ કાંશી ઝાંઝરી, વિણા વાંસળીરે; તાળ તંબુરો નરવાં સતાર, શરણાઇમાં ભળીરે. ૨૩ નાયકા નૃત્યકરે ખડી; રાય રીઝાયછે રે. ૨૪ નર નારી વૃદ ટોળેમળી, જોવા જાયછે રે; ધરી નખશીખ સઉ શણગાર, ધશ મશી ધાયછે રે. ૨૫ મચ્છવેધ છે માંડીયો; તેવિધિ કહુ રે, વિશ્વકર્માયે રચીયો યંત્ર; સાંભળજો સઉરે. ૨૬ મધ્યસભા યેકસ્થંભ છે, તે યેહારનાંરે; નવ નીત્ય સમોસ કુમાર, હાથ હજાર નાંરે. ૨૭ ચોસટ આરાનું ચક્ર તે તેને શીર ધળ્યુંરે; યેક કનક મચ્છ તે માંહ્ય, ફરતુ આહળ્યુંરે. ૨૮ ચક્ર ઉત્રાતુ તે ફરે; મચ્છ દક્ષણેરે, ભાસે ચોસટય ખોનાની મધ્ય; મિન ઉદર ગળેરે. ૨૯ ત્રૈણુશેં કર અવની થકી, તાં કાંટો કરયોરે; તેને ત્રાજુવાં તે બેપાસ, ફેર ધરનો ધળ્યોરે. ૩૦ તે તળે અવની ઉપર તાંહ,, કુંડ જળ તણોરે; શરાસન તે ધરયો શરતાંહ્ય, સુર સોહ્યાંમણોરે. ૩૧ જાયે જે મચ્છને મારવા; તે ચાંપે અડેરે, શરસાધી ગ્રહીયેક હાથે; સ્થંભ ઉપર ચડેરે. ૩૨ ત્રાજુવાં મધ્ય તપાશીને, પગ સાથયે ધરેરે; નીચે જળમાં નીહાળી મચ્છ, ચાપ ઉંચુ કરેરે. ૩૩ ચોસટ માખાંને જતો; મચ્છ માંરવોરે, ડાબા દ્રગમાં મારી શરસાથ્ય; અવની ધારવોરે. ૩૪ મશક સરીખો જળવિષે, મચ્છ ભાસતોરે; બિંદુખાંને પાડે જતો તેહ, ચક્રમાં નાસતોરે. ૩૫ પગ પેહલો પાછળ ધરે, તો ભોમી પડેરે; જળમાં સઉ વસ્ત્ર સમેત, તાં આવી ખડેરે. ૩૬ પારથ કાજ્યે એપણ કરયુંજે યે આદરેરે; કુશળ ઉતરે કરીને કાજ્ય, તે કંન્યા વરેરે. ૩૭ ત્યાર પછે તાં દ્રુપદે; સુતા સજ કરીરે, જગ મોહન જુવતી સ્વરૂપ; તે સભા સંચરીરે. ૩૮ વિશ્રાંમ

સભા વિસે તે સંચરી, દરશીરાંમી રૂપરે; થયા ચીત્રવત તે સઘ; ભોમંડળના ભુપરે. ૧ ઉમારમાં ઇંદ્રાણીકે; રતી રૂપનું આળરે, રેવારસીક વર્ણવકરે; ભમે ભમર ભુપાળરે. ૨ ઇતિશ્રી ભાષા ભારતે શતશાહસ્ત્ર સંહીતાયાં આદી પર્વ પાંચાળી પાખ્યાને કવિ શ્રી રેવાશંકર વિરચીતે સભા મચ્છવેધ વિધિવર્ણો નાંમ નવ સપ્તતીતમો ધ્યાયઃ ૩ ॥ છ ॥ ॥ છ ॥ છ ॥

અધ્યાય ૪ થો,

રાગ. ધનાશ્રી. વૈશમપાયન કે સુંણ્ય રાય, દ્રુપદ સુતાન વરણુ વીજાય. ૧ કાયા કુશુમ થકી સકુમાર; સોળ વર્ષે સજી સણગાર. ૨ ચંદ્રવદની ચપળ. મૃગનિયની, ગજગાંમીનીને લઘુ વચની. ૩ કર્ણકમળ સરીખા સુજાણ; સુકના સીકા ચંચ પ્રમાણ. ૪ દંત હીરા સરીખારે ઝળકે, જડી કુંદનરેખાયે ચળ કે. ૫ કેશવા સુફી સરખારે જોડ, ઉભી વાળી ને વાંકે અંબોડે. ૬ દીસે અધર તે રક્ત પ્રવાળી, કંબુ કંઠે મોહેમુંની ભાળી. ૭ ત્રીકુટી ચીબુક ને ત્રીજુ ગાલે, બિંદુ નીલ ભાસે દ્રગહાલે. ૮ આંજી આંખડી બે અણીયાળી, તેમાં ફ્રીફ્રીયે કાંમણ ગાળી. ૯ ભુજ ફરી લઘુસુઢ સમાન. રૂદે વજ્રને ઊરજ શુવાન. ૧૦ કટી કેસરી લંફીરે નારી, ઊદર પોયણા પત્ર આકારી. ૧૧ જંઘા જુગમતે રંભારા સરીખી; પાંહાની કુકુમ વરણીરે પરખી. ૧૨ અંગુળી જાણે મગનીરે રૂળીયો, નખ નક્ષત્રમાં જાણ્યે મળીયો. ૧૩ પડે ચાલતાં કંકુનાં પગલાં; ભરે હસની પેડયેરે ડગલાં. ૧૪ સજ્યા સોભતા સઉ સગણાર, બની નવ જોબનતે નાર. ૧૫ પેહેરયો ચરણા ઘુઘર્વંટવાળી; મણી બુટ્ટા ને મોતીની ઝાળી. ૧૬ પોખરાજની ચોળીરે પહેરી, મલી મોહોળીયે મોતીની લેહેરી. ૧૭ ફરતી વેલ્યકુંદન મથકાહાડી. હોડી અંબર પર ફુલવાડી. ૧૮ શીશ ફુલને ગોફણેમાંયે; જડયુ તરસટીયુ નેની સાથે. ૧૯ દોહોરી દાંમણી તે બેહુ કોર, જડયા સાહામા સાહામી તેને

મોર. ૨૦ ભાલ સોભે સરહનારે વિધુ, તારા ટબકીનું મંડન કીધુ. ૨૧ નખલો અર્ધ ચંદ તે વિશાળ; કે તક કેવડા ભમર ભાળ. ૨૨ ઇંદુ આડય-ની મધ્યેરે છાજે, મુખ જોતાં રતી મંન લાજે. ૨૩ કર્ણ ·પુલકો કરણું સાજે; બુટ પાંહદીયોમાં બીરાજે. ૨૪ ફુલ ટોટી અકોટીમાં લેહેકે, અત્ર અર ગજા અંગમાં બેહેકે. ૨૫ નાકે નવસર મોતીની વાળી; મુકયા નવગ્રહ કુંદને ઢાળી. ૨૬ તુશી તન મનીચંદન હાર; પરવાળી જવા તેઠાર. ૨૭ કાવળ હારને મોતીની માળા, ગળુ બંધને જવ અણીયાળા. ૨૮ કરે જડાવ ચંડન ચુડી, કડાં સાંકળાં ગુજરી રૂડી. ૨૯ દીસે દરસનીયાં બેઉ હાથે; બાંધી બેરખી ગુગરી સાથે. ૩૦ વાંક ગુંથેલો નંગે જડાવ; ઘણી ઘુઘરીમાં ગરકાવ ૩૧ વાંકડ બેલાં બજોઠા છે બાંહે; છલા આરશી અંગુળી માંહે. ૩૫ વેહેડ વિટિયો અંગુઠી સંગ; ચળક વીધુત સરખાંરે નંગ. ૩૩ લંઘર ટોડા નેં ઝાંઝરસાર, કરે ઘુઘરાતે ધમકાર. ૩૪ સોના સાંકળાં અણવટપાય, જોટ વિછુવા પુલ શોભાય. ૩૫ કચડાગેન કનકના તે વાર; નથી અંગ ઉઘાં ફુલગાર, ૩૬ ગ્રહી કરમાં કમળનીયે માળા; સાથે સખીયો બેન નૃપબાળા ૩૭ મેહેળા મોહીની થઇને અજાડી, ભરી ફરતી માંથે પુલવાડી. ૩૮ લટ છુટી જમ નાગણી કાળી, ભાળે મરમાળા આંખ્ય અણીયાળી. ૩૯ સુત માગધ ભુપ બતાવે, જોકો કન્યાના ધ્યાનમાં આવે. ૪૦ રહ્યા તાકીને ભુપ તમામ; કરે પ્રેમાહાયેને પ્રણામ. ૪૧ કાઢે જરીયાંન વસ્ત્રનાં બાહર. કટી બાંધીને બેસે ટટાર ૪૨ થયા વૃદ્ધજે ડાચારે મળીયાં; બેઠા ટુંચે છે હાથે તે પળીયાં. ૪૩ ડાચાં મળીયાં તે દરપણે ધારી, ઘાલ્યાં ગાલેમેં બબ્બે સોપારી ૪૪ રંગ્યા અળતાયે અધર નેવાંન, માલાં મારે ને પુછયે કે પાંન. ૪૫ વપુ શુષ્કે પેહેરયાં પટ ઝાંઝાં; તેલ ચોળી રાખ્યાં મુખતાજા. ૪૬ કોયે મુકયા ગતી નાંકી; કોઇ મરડે બેઠા સુછો વાંકી. ૪૭ એમ કન્યાના સઉ અભી લાખી, બેઠા અધરીકો આખડી રાખી. ૪૮ કાંટા અંગરખાંનાં કોહાડે, બેળે જરીયાંનબાહાર દેખાડે. ૪૯ કોઇ વેંમી તે પ્રશ્ન ધરાવે, પુજા પાઠકો પ્રીત્યે કરાવે. ૫૦ પુરે દાસીયો ને નૃપ નાંણે, જાણે મુજને વિશેષ વખાણે. ૫૧ પલ પલમાતો બદલે;પોશાગ રંક રંજાડી મુકાવે માગ.૫૨ થયા મુરછીત મહીપતીમોઇ; નથી ત્રીભુવને જ્યુવતી આ જોઇ. ૫૩ ખોળા પાથરેકો

પ્રભુ આગે, સરવે દ્રુપત સુતાનેરે માગે. ૫૪ થયા ભુપતી ભાળી બે ભાન, બેઠા વર સઘળાકોની જાન. ૫૫ કન્યા લેઇને જાયે વરમાળા; લાંબી ડોક કરેકો ભુપાળ. ૫૬ ઉઠી અણુ તેડયા સનમુખ ધાવે; જાણ્યેમાંનુની મુજને બોલાવે. ૫૭ દુર્યોધન ભણી આવતીરે આવે. કરે મીઢળ કાઢી બતાવે.૫૮ વૃદ્ધ દરશીને દ્રુપદબાળા, કરે કલક ચોળી કેશ કાળા. ૫૯ ગણવા પ્રસ્તે પોતાનીરે ભારી, આણ્યા અનુચરને શણગારી. ૬૦ ભુપ નવનવા મુગટ ધરે છે: જાણ્યે કે કરે કન્યાવરે છે. ૬૧ કોઇ મોહન મંત્ર ભણેછે, જાણ્યે ગોરી આ મુજને ગણે છે. ૬૨ ગણે ગરથ ગુંજામાંથી કાહાડી, જાણ્યે લલ-ચાયે લોભમાં લાડી. ૬૩ ભુપ બાળાને સરવ બતાવ્યા, પછે દ્રુપદ સભામાંરે આવ્યા. ૬૪ બોલ્યા કે સઉ ભુપતી ભાળો, મચ્છવેધ આ યંત્ર નીહાળો. ૬૫ ગ્રે ધનુષને શરે તે ચડાવે, પછે સ્થંભે ચડે જેને ફાવે. ૬૬ યુગ્મ ત્રાજુ-વામાં ધરે પાય; આંખે જળમાંહે મચ્છની કાય. ૬૭ બિદુકોષ્ટ કે દરસે તે દહાડે; વામ ચક્ષુ વેધી મચ્છ પાડે. ૬૮ હેવું પણ મેં ગ્રહ્યું કેહે રાય, તેને પરણાવું માહારી સુતાય. ૬૯ સુણી ભુપ થયા ભય ભીતતારે, સઉનાં ઉચ્યાં થયાં ચીત્ત. ૭૦ સુણી સુદરીનિ તજી આશ, થયા નરપતી નરખી નીરાશ. ૭૧ કહે આ ઉંચુતે કયેમ ચઢાય, કામકપુરૂ આ કોથીની થાય. નથી નજર પોચતીરે કાંહ્ય; હેઠા હાથ પડયા સઉ તાંહ્ય, ૭૩ દુર્યોધન પુછે કરણુને વાત, તમે સમજ્યા આ ભેદમાં ભ્રાત, ૭૪ હામાં રાણુ આ ચડશે આ કામ; લીધાં પ્રથક પ્રથક સઉ નામ. ૭૫ ભીતી પ્રગટી મુને સ્વયંવરથી, કાઢી નાંખુછુ મીઢળ કરથી. ૭૬ આતો લાજ લેવા તેડયારાયે, છેક થોડુ તે કામના થાયે. ૭૭ કર્ણ કે ધરો ધીરજ્ય રાય, ખરાક્ષત્રીથી કાંમ યે થાય ૭૮ તકે તાકીન ઉઠયા કો સુર; ટળ્યાં નરખીને નરપતી નુર, ૭૯ વિશ્રામ. નુર ટળ્યાં નરપતી તણાં, કરે પરસ્પર વાતરે, જે ચઢીયે બળે કરી, પડે થાય દેપાતરે. ૧ દ્રુપદરાયતાં વાર જોઇ, ગયો સભાની માંહ્યરે, રેવા રસીક સાહામાં રહી, કરગરી કહે છે તાંહ્યરે. ૨ ઇતિશ્રી ભાષા ભારતે શત શાહસ્ર સહીતાયાં આદી પર્વ મચ્છવેધ પાખ્યાને; કવીશ્રી રેવાશંકર વિરચીતે દ્રૌપદી સ્વરૂપ વિધી વર્ણો નામ ચતુર્થો ડધ્યાય ૪.

અધ્યાય. ૫ મો

રાગ. રાંમકળી દ્રુપદરાય કરજોડી ઉભા સકળ સભામાં આવી, સુણો સર્વ યેકાગ્ર થઇતાં વાજાં બંધ કરાવી કરો; કોઇક કરો માહારૂ પણ પુરૂકે સઉને સમઝાવીરે, કૃપાકરો; કોઇ આરસ મરડી ઉઠોરે, દયાધરો; હું ન પડુ જગમાં જુઠોરે; કો કૃપાકરો. ૧ સર્વ દેશના સુભટ મળ્યા છો, ન મળે કોઇ અધુરો; ગ્રહો ધનુંષ ધીરજધારીને, કરો મનોરથ પુરો; કેવત અનાદીની હેવીજે, સોમાં નીકળે સુરોરે; કૃપાકરો, કોઆળસ, દયાધરો; હુંન પડુ. કો કૃપા. ૨ આ બળીયાવર સઉ બેઠાછો; કોઇ ધનુષ નૈધારી, ક્ષત્રીવટમાં ખાંપણલાગે; વિશેષ વિનતી માહારી; ક્રીયાવાંનને કપરૂકૈ ને, બેઠા હીંમત્ય હારીરે; કૃપા, કોઆ; દયા, હુન; કોકૃપા. ૩ જક્ત મળ્યુ જોવાને માટે, મચ્છન વિંધ્યો જાશે; ચામર છત્ર ધરી બેઠાને, હૈપટ હળવાં થાશે; મુંજપણ મહીપતી સઘળા, લોકવિશે લજવાસેરે; કૃપા, કોઆ; દયા, હુંન; કોકૃપા. ૪ સુતા લાડલી પ્રાંણપ્રીયનું, આજ આવ્યુ શુભટાંણુ; અધરી આખડી માટે સઉને, આરત્યે કીધુ આંણુ; વિકટ સમે વાહારે નચડોનો, નૈ ઠરના ઠેકાંણુ; કૃપા, કોઆ; દયા, હુંન; કો કૃપા ૫ કાંમ સરે કીકરથી તોના ભુપ કરૂરસ ઉઠાળે, સમો જાય મોરતનો મારે; અરભકી રહી અજોળે, અરે તાત ઉઠી કો રાખો, મુંજને માણસ બોળેરે; કૃપા કોઆ; દયા; હુન, કો કૃપા. ૬ સંપ કરી સપટે બેઠા તે, સોદર ન મળે સારૂ; કાલ્ય સહુવારે કરવુ પડશે સઉને સમધ લાહારૂ, યેકી હુંગે વાયની વાંહાંણુ, પેહેલુ પગરણુ માહારૂરે, કૃપા, કો આ, દયા, હુંન; કો કૃપા. ૭ પડવાની પીડયામાં ધરશ્યો, પડે ચઢે જે પુરા કાહ્યરનું તો કામ નથીનૈ ઢાંકયા નેહરે સુરા, સઉ સમ્રથ ભાસો છો મુંજને, નમળો ક્રીયા અધુરારે, કૃપા; કો આધ્યા, હુનઃ ન કો કૃપા. ૮ ચડે પડે જે જંન આજાગ્યે, તેનું વરણવ થાશે, બળ હારી બેશી રેહશે તો, કયેમ બળીયો વરતાસે; કેક સભામાં પુન, હાં મળશેતો શું મુખ લેઇતાં જાશેરે, કૃપા, કો આહયા, હુન; કો કૃપા. ૯ નવી નથી મેંનીર મીરિતી, પરા પુરવ થી ચાલે, વળી હરીના હુકમ વિનાતો; કોથી પત્ર ન હલો, કૃપા સીંધુ તે

કોને હાથે, શું આજસને આવેરે, કોઆ; દયા, હુન, કો ક્યા. ૧૯ નાથેતો નીરમી મુંક્યુ જે, આ આંને જશ મળશે, કરે તરણુનો ત્રીકમમેરૂ, ભાઇયો ભાયગ ભળશે, ગુરૂ પદ પ્રણમી ગ્રહો ધનુષ, યે સકળ મનોરથ ફળશેરે ક્રપા, કોઆ, દયા હુન, કો ક્રપા. ૧૧ કરો થાય તે ક્રીયા સમાંછે, જે જેનું બળ માપુ, ધનુષ ધરીયા છો પડશે; પણુતે સુરામાં છાપુ, રેવા રસીક સમરી તેમાંથી કળ જોઇ કન્યા આપુરે, ક્રપા, કોઆ, દયા; હુન, કો ક્રપા. ૧૨ વિશ્રાંમ આપું કન્યા તેહ્યને, સુરશરાસન સાહ્યરે, સજળ થાય સુભટ તાહાં; ચઢત્રાત તત્પર થાયરે. ૧ શીશુપાળ સુરતે સમે, સજીયો કન્યા કાજયરે, રેવા રસીકના હાથમાં, તાંહ રહેવાની લાજરે, ૨ ઇતિશ્રી ભાષા ભારતે શતશાહસ્ત્ર સંહીતાયાં આદી પર્વ મચ્છવેધ પાખ્યાને, કવી શ્રી રેવાશંકર વિરચીતે, દ્રુપદ સભા વીનંતી વર્ણો નાંમ પંચમો, અધ્યાય ૫. ॥ છ ॥ છ ॥

અધ્યાય. ૬ ઠો

રાગ. આશાવરી વૈશમપાયન યેણીપેરબોલ્યા, સુંણ જનમેજય રાય; શીશુપાળ સભાથી ઉઠી વેગે તત્પર થાય. ૧ સોનેરી સુળવારની ઉપર, કબ્બી કંચુર બાંધી; કાળરૂપ કરવાળ તજી, ફરતી ફુમતડે નાંખી. ૨ કનક કવચ ઉપર અંગરખુ, જરીનું ઝાકઝમાળ; મણી મય મુગટ મનોહરે માંથે, વિદ્યુત તેજ વિશાળ કચ્છ કશી વાળો કરથી તે; કરમાં કડાં જડાવ, વેઢ વિંટીયો નંગ નવીનને; ઘણા તેજે ગરકાવ. ૪ તેજ પુંજને ત્રીપુંડ તીલક, દીર્ઘબાહુ બળવંત; પંકજ લોચન સુર સુભટને, નરખે અધીપ અનંત. ૫ વિનતા વૃંદજુવે એક પાસે, અનુંપ આક્રતી જેહ; ગજેંદ્રગતી ચાલીને આવ્યો, સ્થંભ સમીપે તેહ. ૬ પ્રણમી ગુરૂપદ પંકજ પોત્યે, ચડપ ચાપને સાહ્યું; સળાસર્વ જન જોતાં સુરે, ચાંપી ચઢાયુ. ૭ કોજનકે મચ્છવેધ એ કરશે, કોકેને નહીથાય; હાથ વેંતમાં કો કહે આવ્યુ, હવડે હાલ જણાય. ૮ માંખણ સરખો સ્થંભ સુંવાળો; પડે ની ચડતાં સુઝ, અધવચથી પડતાં

તનટુટે; ફરીની આવેરૂજ. ૯ ઉંચો સ્થંભ ગગનમાં ગાજે, નરણે નીરખી ધીર; કપીવર પેઠયે તળપ મારતો, ચઢયો તે બાવનવીર. ૧૦ બાર હાથ બળવંત ચઢેને; સાથ ખશિને જાય, જેક્તલોક ઝાઝામળીયાતાં; ચઢાઉતર તે થાય. ૧૧ થાક ખાય થોડેક જઇને, પ્રાંણે રહેનૈ નાભચરણ ધુજવા લાગ્યા ચડતાં; ભાળે અવની આભ. ૧૨ હાલક હુલક મંન થયું ચઢી, સોંકરથી લડથડીયો; સકળ શભા જોતાં જળકુંડે, પડીક દેઇને પડીયો. ૧૩ સરસઇ સરવ સભાસદ બોલ્યા; ધંન ધંન્ય ધારણધીર, તે આરાજ્ય સભાનું રાખ્યું, પ્રથમ પેહલ્ય કરી નીર. ૧૪ સઉ હીંમત હારી બેઠા તાં, તમે ધરો આ હાંમ; ચડેપડે તે સુરાપુરા, નઇ કાહ્યરનું કાંમ. ૧૫ મહીપતીયે મળી માંનજ આપ્યુ, પણ દીધો પોશાક; નવીન વસ્ત્ર દરશીને પ્રગટયો, અધીપતીને અનુરાગ. ૧૬ નીજ બાંધવને પડતો ભાળી; મનમાં કરયો વિચાર, કરી ગર્જના ઊઠયો હાક્રીઃ દંતવ તે વાર. ૧૭ લોચન લાલ સુરંગ સરીખો, ખંભ ઠોકતો જાય; ચર્ણ ચાલતાં ધરા ધુજતી, મહા બળીયો અતી કાય. ૧૮ મદોન્મત માતંગ સરીખો; ભુરીબળ ભંડાર, યેક કરેજૈ ચાપ ચઢાવ્યુ; ક્ષણુન લાગીવાર. ૧૯ યેક કરે ગ્રહી થંભ હલાવ્યો; થર થર અવની થાય, અતુલીત બળ ભાળીને કંપ્યા; સકળ સભાના રાય. ૨૦ પુર્વેરાવણ કુંભકરણજે, હણીયાદીન દયાળ; તે દ્વાપરમાં પ્રગટ થયાબેં, દંતવક્ર શીશુપાળ. ૨૧ કૃક્ષ ચંદ્ર નિકાળ દ્રષ્ટીથી, પડે ન પોતે તેહ, નીતો આભ ઊડળમાં ઘાલે; તેમાં નૈસંદેહ. ૨૨ ધનુંષ ગ્રહીને ધીર ચઢયો તાં, દારૂણ ભરતો ફાળ; શ્રંમન ખાય સબળ બળીયોતા, નીરખેં સઉ ભુપાળ. ૨૩ વેગવ્યાળના સરખો ભારી; ખસેન પાછો જેહ, બશેં હાથ ઘટીકામેં ગયો; પછી ત્રીકમે ભાળ્યો તેહ. ૨૩ જાંણ્યું મચ્છને મારે પાપી, પારથનીશી પેર; ગયાતે સમે કેશવ છુટી, રહ્યો બાંધવા ઠેરચ. ૨૫ યેક કરે કોદંટ ગ્રહીંનેં; એકે કેશનાં ઝડીયો, ચતુર્થાંશથી ચર્ણ ચળ્યા તે; પડાક જળમાં પડીયો. ૨૬ નવીન વસ્ત્ર નરપતીયે આપ્યાં, પેરી આસન જાય; કેશતણી આંટી ન પડેતો, જરૂરયે ભઇ જાય. ૨૭ સુર સભામાં બેં ચઢીયાતે; બંદીજન જસગાય, દુઃશ્યાસન ઉઠયો સરસૈકે; થનાર હોયતે થાય. ૨૮ દ્રુપદ સુતા દરશીને પ્રગટયો, મોહ્યો મહીપતને મંન; દુઃશ્યાસન કે વરૂ

વિનતાકે, માંણુ કરૂ પાતંન. ૨૯ ચડપ દેઇને ચાપ ચઢાવા; જેમ ઝપટથી જાય, છુટી પ્રતંચા અડી હડપચી; પડયો ગરબડી રાય. ૩૦ સકળ ભુપ હસવા લાગ્યાકે. માંન શુકનયે થાય; મત મુંકી માટયે બેસો ભઇ, આ ચોઘડીયુ જાય. ૩૧ યેમ શુણી આસન પર બેઠો; સઉ પાંમ્યા મન હાસ્ય, ભુરીશ્રવા ભુપતી ઉઠયાતાં; પણ પાંકી તેવાર. ૩૨ મુગટ સ્થીર માથા પરમુકી, કચ્છ કશ્યો તે ઠાંમ; સ્થંભ ચાપશર પાસે જઇને, કીધો ગુરૂ પ્રણાંમ. ૩૩ સરસાયક સાંધીને ચડીયા; ભરીદળ ના ભુપ, ઉંચાં નેત્ર કરીને નીરખે નરનારી તે રૂપ. ૩૪ યુગ્મ ચરણને યેક કરે, ત્રીશ તકર પોતે ચઢીયા; નીચુ જેતાં ચરણ ધ્રુજ્યા, તે તાંથી લડથડીયા. ૩૫ અધીપત્યે આદરમાંનજ આપ્યુ, બેઠા મંડપમાંહ્ય; તેજ સમે આસનથી ઉઠયા, રાજા જેયેદ્રથ તાંહ્ય. ૩૬ ધિર ધનુષ સાહીને ચઢીયા; વેગ વિહંગ સમાંન, ધસમસ કરતા ધાય સ્થંભ પર; સુંદીર શોભાવાંન. ૩૭ એક શ્વાસમાં યેકસોં કરતે, ઝાંમ સમાણા જાય વૃકોદરે તાં છીકખાધીને; તાંથી ખશીયો પાય. ૩૮ બળવંતે બાથોડાં મારયાં, તે તાંથી ગરબડીયા; ઉંધે મુસ્તક અરબડીયાંખે; જેદ્રથ જળમાં પડીયાં. ૩૯ નવીન વસ્ત્ર નરપતીયે આપ્યાં, આસન બેઠા જ્યારે; આળસ મરડી ઉઠયા તેવે શલ્યરાય તે વારે. ૪૦ મણીમય મુગટ મનોહર માથે. કનક કવચછે અંગ; મકરા કૃત કુંડળ બેઉ કર્ણે, શરીર પરવત શ્રંગ. ૪૧ પગ પ્રહારથી પૃથ્વી કંપે; સળકે સંમૃથ શેશ, વિર વૃકોદરના સમતુલ્ય જોઇ; રિઝા સરવ નરેશ. ૪૨ સ્થંભ પાસ ઉભા નૃપ આવી; બોલ્યા તેણીવાર, કોહોતો થંળ હલાવી; પાડુ કનક મચ્છ આ ઠારચ. ૪૩ દ્રુપદ કહે રિતીપુરવક તમ્યે, રાજ્ય કરો યેકાંમ; શરસાયક ભાથા ભરવીતે, ગ્રહો સ્થંભ તે ઠાંમ. ૪૪ જેમ ગિરી માતંગ ચઢે તમ; સુરવીર સક ઠયા જાય; ચરણ તણી ચાપટ ર મારેતાંહ, પગે પગથીયાં થાય. ૪૫ જેમ કાષ્ટમાં લોહ કળે તેમ, ધીર જે ઉપર ધાય; ત્રાંશ ત્રાજવાં પાસે જે હોવે, પુરપતી મુકે પાય. ૪૬ પ્રજાવતીના ચક્ર સરીખાં; ત્રાસ પાત્ર તે થાય, દીર્ઘ દેહ કર પર તોળીને, લા : તપાસેરાય. ૪૭ યેક ચરણ આરો પણ કીધો, અન્ય મુકવા જાય; વિશમ ભારથી વક્ર થયુંતાં, તે લડથડીયારાય. ૪૮ પડતાં સર સાંધ્યાં પુર પતીયે, જતો મચ્છને અડીયો; યેક

પાત્ર આકાશ ગયુ તે, ધડડ ધીબ્બદેઈ પડ્યો. ૪૯ કુડકોર ટુંટી તે વેળા, વાગ્યુ શલ્યશરીર, મણીમુગટ મહીપત્યે અરપ્યો તાંહ; વરણ્યો શલ્યેજ વીર. ૫૦ જરાસંઘ યે રીત્યે પડીયા, મુકી સરવેમાન; પડયા મુકટધર ના પગ પાછા, હારયા હીમત્ય હાંમ. ૫૧ અન્ય ભુપતી એક એક વારેતાં વેગે ચડીયા, ત્રણ્ય આરને પાંચ હાથથી, તે પાંણીમાં પડીયા. ૫૨ કોના કર કચરાયા ચાપે; કોનાં ફુટયાં શીષ, કોના કાંન પણછથી ટુટયા, જ્યમ રૂઠયા જુગદીશ. ૫૩ યાદવ કૈરવ આદીક ભુપે; સરખુ ન કોયે કામ, બળીહારી ભગવત બેઠા સઊ, મુખ પાડી નીજ ઠાંમ. પોહોર દીવસતાં રહ્યો પાછલો, બોલ્યા દ્રુપદરાય, ઇચ્છા હોયતે ઊઠો નીકર, હું અરપુ કન્યાય. ૫૫ ફરી અલાખીમાં કરશ્યો કોઈ; ઉઠ્યા તેમાં આપુ, નિર વિકલ્પ નિશ્ચેયે માહારો, મેં પરખ્યું બળમાપુ. ૫૬ વિશ્રામ. માથુ દેખી ભુપબળ, કહોનો દેઉં કન્યાયરે, લાલચ્યથી લોભી વધ્યા; તાં દુર્યોધનરાયરે. ૧ છેવટ છત્રપતીવીના કયમ કારજ્યયે થાયરે; રેવારસીક જોતાં તાહાં, ઉઠ્યા મરદી કાયરે. ૨ ઇતિશ્રી ભાષા ભારતે શત શાહસ્ત્ર સંહીતાયાં આદી પર્વ મચ્છવેધ પાખ્યાને કવીશ્રી રેવાશંકર વીરચીતે, શીશુપાળાદિક ભુપ સ્થંભ વિધી પરીશ્રમ વર્ણો નાંમ ષષ્ટોઅધ્યાય. ૬ ॥ છ ॥ છ ॥

અધ્યાય ૭ મો,

રાગ. ધનાશ્રી વૈશમપાયન કહે સુંણ્ય રાય, કહુ મચ્છવેધની કથાય. ૧ ઉઠયો દુર્યોધન તવ ભુપ; જેનુ સોમના સરખુ સ્વરૂપ. ૨ મણીમુગટમાં ન ઉત્તમ મડીયા, જાણ્યે જુક્તિયે ભાનુરે જડીયા. ૩ પેહેરયો જરીયાંની સુરવાળ, કશીકમરમાં તરવાળ. ૪ માંથે નોવરૂ નૌતમ છાજે, તેના તેજેતે ઉડગણુ લાજે. ૫ કાંને કુડળ ઝાક ઝમાળ, રાજ વંશીને રૂપનું આળ. ૬ પ્રૌઢ ગાત્રને બાહુ વિસાળ, કાંવે હસ્તીનાપુરના ભુપાળ. ૭ વરવા કન્યાના ઉરમાં ઉમંગ, પીઠી ચોળી ભાસે પીળુ અંગ. ૮ ખમા ખમા અનુચર ગાય

શીશ સોનાનુ છત્રધરાય. ૯ ઝેવો મદ ઝરતોમાતંગ; દીસે લોચન લાલ-સુરંગ. ૧૦ ધરા ધ્રુજે છે ધીરને પાયે, આવ્યા સ્થભની પાસેરે રાયે. ૧૧ કર સ્થભે ધરે ખશી જાય, ઊંચુ ભાળીને વિસ્મય થાય ૧૨ બોલ્યો ક્યાં ગયા દ્રુપદરાય, તારે ભળીભદ્ર ઊઠી ત્યાં જાય. ૧૩ કહો કયમભાઇ છે કશુ કામ, વદે દુર્યોધન તેણે ઠામ. ૧૪ ખરી ખરી ખોડ્ય ખોળી સ્થંભમાં છે. હોને પ્રથમ પગથીયાં તે ક્યાં છે. ૧૫ ફરે ફોગટ દ્રુપદ ફુલ્યા, જુવો ક્યાં છે નીસરણીરે ભુલ્યા. ૧૬ આવુ કરતાં ન આળસ આવ્યુ,કોઇ કાંણે આ કામ કરાવ્યું. ૧૭ કારીગરનાં હું કાડાંરે ભાગુ, સારોયેક ન મુકયુરે ખાંગુ. ૧૮ ક્યાં છે કરવાનાં ઊંચે વિરામ, જુવો થડથી કથાવ્યુ છે કામ. ૧૯ પેલુ પુછ્યુરે હોત જોહાવું, તોહું સરવે સમારે બતાઉં. ૨૦ આવડુ ઉંચુ આંસ્યાનું કામ, કરયુ વેઠે કે બેઠા કે દામ. ૨૧ હુના હોત જો હીંમત ધારી, હેની કન્યા હે રહેત કુવારી. ૨૨ કરયુ પડવાનું કામ આ થંભે કરયુ ચોપડયુ છે જુવો સ્થંભે. ૨૩ બળદેવ કહે સેલુ હોય કાંમ. શીદ ભુપ તેડે આ તમામ. ૨૪ દુર્યોધન કે નીચે ભોમી બારૂ, ખશી પડવાનું ફાવત સારૂ. ૨૫ ઠેરચ ઠેરચ મતી થઇ ટુંકી, જુવો ખુંટી એકે નથી મુકી. ૨૬ બળવીરકે ચઢયે ના હોય; તારે મહીપત્યે મરડયુ રે મોં. ૨૭ કરો કંન્યાને તેવડે તાર, મને વળતાં નીલાગે વાર. ૨૭ ગ્રહી ધનુષ પોતાનું નં ચઢીયો, મુકે મરકટ ફાળેરે હડીયો. ૨૯ અડ બીડ છે અંગ અતોલે; ચઢયો થંભ તેને સમે ઝોલે. ૩૦ જાંણ્યું સરવેકે કરશે આકાંમ, જેની જક્તથી જુદિ છે હાંમ. ૩૧ ત્રાંસ પાત્રે તે પોત્યેરે રાય; તાળીયેક કરે નીજ કાય. ૩૨ રહ્યા તાકી જોવા જગી તાંહ્ય, મુકય સમપદ પાત્રની માંહ્ય.૩૩ કરીથીરને ગર્જના કીધી હાક દ્રુપદરાય ને દીધી. ૩૪ તાણ્યુ ચાપનો ભુનભ હાલે, કહો સર્વ કર્ણો ગુણી ઘાલે. નઇમાં ને ને તો મરશેરે કુટી, જશે તાળ વાંકો છુ જે ટુટી. ૩૬ લાવ્ય કન્યાનુ સગપણ સાંધી, આજે આવ્યો છુ મીઢળ બાંધી. ૩૭ જુવો શાજન મારી સોભાય,કરૂ વરઘોડો હાવે હું રાય. ૩૮ તાંણ્યુ કોડંડજ્યે કર માંથી,ખશ્યો ચરણુને ત્રાજુવામાંથી. ૩૯ લાગ છુટયોને તાં લડથડીયા;રહ્યું ચાપનાં ભુતળપડીયા.૪૦ રહ્યું મિંઢળને મુવાલાજી,ભરી ભુપને હલહર સાજી. ૪૧ આળી ગાળાં લગનનેરે વેહેવા ફરી નહી ચઢુ ચાપ ચેલેવા. ૪૨ પડયો મીંન

ચરોકેરે નહી, મેંલા મારયુતુ મચ્છની મહી. ૪૩ જાયે ઉંચો જોયે શરધાર, તારે લાગશે પડતાં રે વાર. ૪૪ હાવે પુત્રી મને પરણાવો; કરૂ યંત્ર વેધ્યા પછી દાવો. ૪૫ કહે દ્રુપદ પડસે આડાર, તારે કયેમ લગાડીશું વાર. ૪૬ નૃપકે પડે સીંધુમાં જઇ, તેનાં કાંયુ સરીગત ભાઇ. ૪૭ જોયું દુરબીંદે સઉ મળી રાંણે; દીઠો મચ્છને તેજ ઠેકાંણે. ૪૮ દુર્યોધન કહે ભરાયોએ આડો, હવે સ્થંભ હલાવીને પાડો. ૪૯ થયો દ્રુપનેતાં ઉચાટ; વળ્યો ક્ષત્રીના કુળ-નો કહે ડાટ. ૫૦ જર્સવિધ્યા નૈકોને હાથ્યે; પળો પાંડુના પુત્રની સાથ્યે. ૫૧ મેંતો યેપર અ દરકીધો, પરણી પુત્રયે લાહાવો ન લીધો; ૫૨, સુવા વડય-માં શું સુંઠ નલાવી; ચરી કોનીમાયે નથી ખાધી. ૫૩ હોત પાંડુના પુત્રજો હાવે, મહારી આવેળા છેકન આવે. ૫૪ થયા ગદ ગદ કૈને ભુપાળ તેવે ઉઠયો કરણ તતકાળ. ૫૫ દિસે આકૃતી અર્ક સમાંન, મકરા કૃત કુંડળ કાંન. ૫૬ ધર્યુ કનક કવચ બળવંતઃ મણી મુગટમાં જડીયા અનંત. ૫૭ ભાળે કેશરી અરચારે કીધી; મૃગમંદની સુવાસમે લીધી. ૫૮ કશી કચ્છને કંમર બાંધી, વિટી ઝાળી પ્રુમતંડેરે નાંખી. ૫૯ મણી મોતીને તેજે શોભા-વ્યો, સુર્ય જાંણ્યે સભામાંહે આવ્યો. ૬૦ પાયે ટોડા કનક નાંરે માહાલઃ ચર્ણે ચાલતાં મેદની હાલે. ૬૧ દેખી અવનીના અધીપતી લાજે જેવા ઉડગણે ઇંદુ વીરાજે. ૬૨ છે પ્રત્યંચાનાં આંટણુ હાથ્યે; રાજ્ય રેખાઓ અંગની સાથ્યે. ૬૩ રક્ત શૈલના સરખુ છે અંગ ઉઠી આવ્યા તે દ્રુપદ સંગ. ૬૪ તમ્યે કયમ કહ્યું ની કોઇ સુર, બાકી છે હજુ હસ્તીનાપુર. ૬૫ દુર્યોધનને પવન પીડયા તનઃ તેથી પડીયાને પ્રગટયુ વિઘન. ૬૬ હું હેને કાજ્યે આચડુ વ્યોમ, પાડુ મચ્છને પલમારે ભોમ. ૬૭ હાવા શસ્ત્ર વેધુ-મીંન સાથ્યે; કેતો અશાંબાંથી ચડુ હાથ્યે. ૬૮ છિદ્ર શસ્ત્ર કરૂ યેક બાંણે, કે તો પ્રષ્ટે ચડુ આ ઠેકાંણે. ૬૯ કહેતો ઉર્ધ્વ પંદ ચઢી જાઉં; વિધુ મંડળ તોડીને લાવુ. ૭૦ કૈનો તડુણ અયેમીંન પાડુ, કેતો સ્થંભ આકાશ ઉરાડુ. ૭૧ મનમાં માસવે ધારી તલાસ પોત્ય નારદ દ્રોપદી પાસ. ૭૨ જાણ્યુ કર્ણ કન્યાનેરે સાહાસે, મારે યુદ્ધ જોવાનુ રે જાશે. ૭૩ કન્યા કેર પ્રભુ કયમપર વરીયા, ત્યારે મુનિ મુખ પાડી ઉચરીયા, ૭૪ નારદ કહેતુ સુતા મુજ જેવી તે પણ ગોસ્ય પુજીતીરે કેહવી, ૭૫ છેવટ દાસીનો સુત તુને વરશે, પેલો

કર્ણ મચ્છ વેધ કરશે. ૭૬ તુંને સાંપશે બીજાને હાથે, લખી મુકજ્યો આ મંન સાથે. ૭૭ બેહું કાંમ કથળવાને તાહારૂ, તેથી કાળજુ દાહાજેરે માહરૂ. ૭૮ માટયે ચઠતુ વેણે વિશ વાજ્ય, બાંધો પાણી પેહેલી તમ્યે પાજ્ય. ૭૯ ગાડી જા જતિ પટશેરે ધાંચે, ગઈ તિથી ફરી વિપ્રની વાંચે. ૮૦ તમ્યે ને માંના માહ્યરી વાંણી, ફરયુ છે લે કયારે પછે પાણી. ૮૧ વળ્યાનાર કહે ને તાંહહાસ, ળી કન્યા તે કર્ણની પાસ ૮૨ રવી સુનું જાણ્યે ત્રત કાળ, આવી આરોપવા વરમાળ. ૮૩ કરે હે મચ્છ માર્ યેક ચોટયે.માળા ઘાલ્યપ દુર્યોધન કોટયે. ૮૪ પટીભ્રાતી અન્યો અન્ય યેવી, ભ્રગ શુકને જાણુ ફળ જેહવી. ૮૫ બોલી ગરજીતાં દ્રુપદ સુતાય, સુણો સર્વ સભાસદ રાય. ૮૬ મચ્છ વેધશે કર્ણયે હાથે, પણ હુ નહિ ફરૂયેહ્યની સાથે. ૮૭, દાસી પુત્રયે ને ક્ષત્રાંણી, સમો વટ્ય શોભે ને પટરાંણી. ૮૮ મોતી પાવકમાં પડે જેવુ, ધટયુ તેજ કરણનુંર તેવુ. ૮૯ બેઠો આસન યુપર આવી, દુર્યોધનને બીના સમઝાવી. ૯૦ તુજ માટયે હું કરવાને ચાલ્યો, વાંધો વીનતાયે વચ્ચમાંરે ઘાલ્યો. ૯૧ કરો એકો મળી સઉરાય, એની કોઇ વરેની કન્યાય. ૯૨ કરી યુકતી પરસ્પરયેવી, પછે જીતીને કન્યાએ લેવી. ૯૩ સઉની ચેષ્ટા તે કરવા ને કાજ્ય, યેણ્યે ટાળ્યે કરયા સઉ રાજ્ય. ૯૪ સઉને કરતમી કાંમે બઝાડયા હેત દેખાડી હેઠાણ પાડયા. ૯૫ સંપે મેળવી લજયારે લીધી, કાળા મ્હાંને આશી કૃતી કીધી. ૯૬ માપ મુકવા ઉંડોમાં કોઇ, બેઠાં સપ કરી બળ ખોઇ. ૯૭ વિશ્રાંમ. ખોઈ બળ બેઠા સઉ. કોઇ નવ ઊઠેરાયરે, પોર રહ્યો દીન પાછલો. દ્રુપદ વ્યાકુળ થાયરે. ૧ સભા સમીપે સાદ દેઈ. બોલ્યા કરીને ક્રોધરે, રેવારસીકને કે ગયા, જગથી હટને જોધરે. ૨ ઇતિશ્રી ભાષા ભારતે શત શાહસ્ત્ર સંહીતાયાં આદી પર્વ મચ્છવેધ પાખ્યાને કવીશ્રી રેવાશંકર વિરચીતે દુર્યોધન દંડ પતનો નામ સપ્તમો અધ્યાય ૭-

અધ્યાય ૮ મો.

રાગ. સીધુ. છે સુરસભા કોઇ, ઉઠી શરાસન સાહે; દ્રુપદરાયનું પણ પાંહાંકેલુ, આ ચોવટીયે જાયે; છે સુર સભાકોઇ, ઉઠીસરાસન સાહે. ૧ ટેક મેં મેળો મહીપતીનાં કીધો સુખે જાવાને માટયે; સંમાં સ્વયંવરનાં ચાલ્યો શું મુખ લેપ વળશ્યો વાટયે, છે સુર દ્રુપદ. ૨ પરશુરાંમે ક્ષત્રી ખોયાઃ વીધવાયો રે નારી, વિપ્રની સાથ્ય વળુંધી વીનતાઃ તેની વંશ વધારીઃ છે સુર, દ્રુપદ. ૩ રડયુ ખડયુ કો રાજ બીજ હોય તોગ્યે મચ્છ વિંધાયઃ સોમણુ સાબુ લેઇ ધુવે પણ, ગરધવ ગાયન થાયઃ છે સુર, દ્રુપદ. ૪ તનયાપર ટુટી પડતા તે; બેઠા મરડી મુડી, કરગરવા દહાડો આવ્યો તમે; પેહેરો કાંકણ ચુડી, છે સુરઃ દ્રુપદ. ૫ કંન્યા લેઈ કુપે પડવાની માહારી વેળા આંણી, જાતીભેદ ક્ષત્રીમાં ખાંપણ; તે હાવે મેં જાંણિ છે સુર, દ્રુપદ. ૬ આરત્યમાં અરથે આવેકો; એવો એક ન મળીયો ક્ષત્રીન. કુળમાં ખો સઉ તમ્યે; કયેમ પેરી શાંચીળયો, છે સુર, દ્રુપદ. ૭ કનક કવચ લજવો પેરીને; મીથ્યા મુંછો મ્હેડી, ચચુમલાં વળી ગોઠવી બેઠા,જયમગ ગાદ્દેરયો વરડી,છે સુર,દ્રુપદ. ૮ વાટયે પડ્યુ વરવાનુ હોય તંમ, આવ્યા પીડી ચોળી, ભળતામાં વારી નાંખી મહને, હૈયે ચિકે હોળી, છે સુર, દ્રુપદ. ૯ કો જોરાવર જાગીઉઠો, ત્યો ઉગરયાનો આરો. ભવસાગરમાં બુડતાં ઝાલે, કો વેગે કરમાહારો, છે સુર, દ્રુપદ. ૧૦ મળી મેદની જોવા ઝાઝી, માપ સરવનુ જાશે, આ વરઘોડો વિરવ થયો તે, હાંણ્ય હસારત થાસે, છે સુર, દ્રુપદ. ૧૨ વરણુ સઊ વાતો કુશ્યેને, વહશે ગરજી ગાઢુ, પરીયાંનુ પાંણી નવ રેહેતો; મુવા કરતાં માઠુ, છે સુર; દ્રુપદ. ૧૨ કઇને જીભ વળી કુચો પણ, કો ઉત્તર નવ આપે; બગ પાવશ બેઠા સતમ સરવેઃ ઉઠી ન અડે ચાપે, છે સુર; દ્રુપદ. ૧૩ વાર ગડયુ ક્ષત્રીનું કોહાનો; જઇ વાડવને જાચુ, સરેદ્રી સુત વીસા કરસે તે; મારે ગણવું સાચુ, છે સુરઃ દ્રુપદ. ૧૪ જોજ્યો કો કપરૂ પણ કરતા, એમ કહી કળ-

કળીચો; કંન્યા કરમેં કોપ કર્યો તે; તાં પારથ પર ઝળીચો, છે સુર; દ્રુપદ. ૧૫ દુર્યોધંન ત્યાં ગરજી બોલ્યો; કાંમ કરયુ તંમ્યે સારૂ; ખરૂ ખોળી કહાડ્ડુ આ સઉને, મરવાનું મોહો બારૂ; છે સુર, દ્રુપદ. ૧૬ હોંત ધંનં જય જો જીવતોતો, તમે કરતહે પુરો; આ સઉને શરપાવ મળ્યા કાહો, યેકે રહ્યો અધુરો, છે સુર. દ્રુપદ. ૧૭ આ તજવીજ જોતાં, પાપી પ્રાંણ ન જાયે; જો જળ કુંડન નીચે હોયતો, ઘર ભેગોના થાયે, છે સુર; દ્રુપદ. ૧૮ પ્રાંણ જવાનો પંથ બતાવો, તે સઉ સમજે મનમાં; આ વરવાથી વસવુ સારૂ, સંન્યાશી થઇ વનમાં, છે સુર ; દ્રુપદ. ૧૯ દ્રુપદ કહે હું ક્ષત્રીખોળુ, કયાં કન્યા પરણાવું; રમા નાથ જોર જાકરેતો, બ્રમ સભામાં જાવું, છે સુર, દ્રુપદ. ૨૦ બળભદ્રજ ઉઠયા, ક્ષત્રીવટ દેખાડુ, હળમારી ને મચ્છ વેધનાં યંત્ર તોડી હું પાડુ; છે સુર, દ્રુપદ. ૨૧ ધરા ધ્રુજવા લાગી તારે,કંપી સરવે સભાય; ધરણી ધરનાં લહી ધ્રુજારો, તાંવારે વૃજરાય, છે સુર; દ્રુપદ. ૨૨ બંધુકાંમ તમારૂને યે, ફરતા દ્રીજમંડળમાં;હમણાં હાકી ઊભો થાશે, પારથ તે આપળમાં, છે સુર; દ્રુપદ. ૨૩ રાંમ કહે પારથ પ્રજળ્યોને, તે હોય હે કયાંથી, વૃંદાવન વાસીયે વરણી, વાત સળંગમાંથી, છે સુર, દ્રુપદ. ૨૪ ભુપતી કેહ બ્રાહ્મણમાં બળહોય, મચ્છવેધનું જેહને,તો કોડયે કન્યા પરણાવુ; કુળન પુછુ તેને, છે સુર, દ્રુપદ. ૨૫ વિશ્રાંમ. તેને કુળ પુછુ નઇ, છેકો વાડવ વીરરે. ૧ બાળસ મરડી ઊઠીચો, અકળગતી અરજુનરે, રેવારસીક રાજી થયા, દુભ્યા સગળા મુન્યરે. ઇતિશ્રી ભાષા ભારતે શતશાહસ્ત્ર સહીતાયાં આદીપર્વ મચ્છવેધ પાખ્યાને કવી શ્રી રેવાશંકર વિરચીતે દ્રુપદ કોપ વાકય વર્ણોનામ અષ્ટમો અધ્યાય. ૮ ॥ છ ॥ છ ॥ છ ॥

અધ્યાય ૯ મો.

રાગ. મલ્લાર પણ ભુપતનું જાંણીને, પારથ બોલ્યો વાંણી; કૃપા ગુરૂના હોયતો; હુ ઊઠુ આદર આંણી, મચ્છવેધની વિદ્યા કરૂ, નીરખે આપળ

નાંણી; (ધિરધનજય દેખી રેરેરે હો, મુનીવર મોંહ્યા મહીપતિરે. ૧ વિપ્ર અબળ કરી વરણે, તે બાહુબળ દેખાડુ, યેક શરે તોડીને, હુયે મચ્છ હેઠો પાડુ, આ જયગમાંજ સથાશે, નક્ષત્રી ખાખ ઉરાડુ, ધીર ધનં-જય દેખીરે. ૨ વિપ્ર કહે ધન વિરા, જો મચ્છ તપે વિધાય, ત્રીલોકે કીર્તી તાહારી, ને વધે વિપ્ર મહીમાય; પુર પતી સઘળા બેઠાતે, હવડે હળવા થાય; ધીર ધંન જય. ૩ કોઈજતાં કળ કળીયા, કહે કયાં બેઠોતુ નડવા; અજ્ઞાંની કયાં ધારયુ, તેં હમને માર પડવા; જાંણુછુ જે નેદેઉતુ કોને કોડી જડવા; ધીર ધંન જય. ૪ બર બડતો સાંભળશેતો, સઉને મુકે કાહાડી ભીખ માગવા આવ્યો, કે લંપટ લેવા લાડી; મુખજે મચ્છ વેંધ્યાનું; છો ધાંનવનાનાં ધાડી, ધીર ધંન જય. ૫ ખરા ક્ષત્રી જ્યાં થાકયા; તાં કાંણગજુ કહે તાહારૂ, ભ્રષ્ટ ભાગવા બેઠો; તું ભીખનું પાત્ર હમારૂ, નીર મુખ પાછુ જાશે; આ સરવે લંચર લાહારૂ, ધીર ધંન જય. ૬ ઉન મત આ અરભક છે; તે ઉભો થાશે હાંથી, તાં તગડીને કાઢો; સઉ વાડવ મંડપમાંથી, પાસે આવી બેઠો; આકરસે કાઢો કયાંથી, ધીર ધંન. ૭ કોઈ વિપ્રકે ઉઠો; કરતાં આપડુ શું જાશે, પ્રચંડ ભુજ હેના છે જો હરી કરેતો થાસે, લાજ વિપ્રની વધશે નેં; ચોમગ ભુપતી ચાહાશે, ધીર ધંન જય. ૮ કદાપી જો નઇ થાયે; તો વીકળ કરીને વાહાયો, બ્રાંમણ થઇ છુટીશું, કે છીયે તમારી ગાયો; ટેક રેહેતો કહીયે, કે વિપ્રતણી વિદ્યાયો; ધીર ધંન જય. ૯ પારથ ઉઠી લાગ્યો તહાં ધૌમ્યરૂપી ને પાયે, કો બ્રાંમણ ભડકણને; તાં પ્રથા પુત્ર પટસાયે, વિર વૃકોદર કોપી તાં કંઠ ડાબવા જાયે; ધીર ધંન જય. ૧૦ પ્રણમી સોમપ સઉને, તાં ઉઠયો આળસ મરડી; ધરાધ્રુજવા લાગી, દ્રગ કાળ સરીખી કરડી; અજાંન બાહુ આવ્યો, નેં ઉઠયો સ્થંભજ ધરડી; ધીર ધંન જય. ૧૧ ચોમગ આવી શીધી, તાં દ્રષ્ટી જેણીવારે; થરથર ભુપતી કંપ્યા, રેં તનમાં ત્રાસ્યા ત્યારે; પારથકે કયંમ વેધુ, નૈ ધનુષબાંણ કર માહારે; ધીર ધંન, ૧૨ કૃશ્ન ચંદ્રતાં ચેતીને પાસે આવી પુછે, પારથકે વેધાળુ; જે પાસે ચાપ પડયુ છે, માધવકે મનમાંને; માગીલ્યો તેમાં શુછે, ધીર ધનં જય. ૧૩ અરજુન ચોંમગ જોઇકે; શરચા પકરણનાં આપોં, રવી નંદનકે લ્યોભૈ; જસ વિસ્વ તમારો વાપો, પલમાં

તોડી પાડો; એ યંત્ર મચ્છનાં ત્રાપી, ધીર ધંન જય. ૧૪ ઢીંચણ મારી ધીરતાં કડાક ચાપ ચડાવ્યું; દિગ્જ ડોલી ઉડ્યા, નભયાદેસર્વ ભરાવ્યુ; ધરા ધારતાં ધ્રુજ્યો, ઉદધીજળ ઉંચુ આવ્યુ; ધીર ધંન જય. ૧૫ કરણ કેહે દુર્યોધન આ, વીપ્ર નહી કોક્ષત્રી; પડે પારથની ભ્રાંતીછે બળીયો લક્ષણ અત્રી; દ્રુપદસુતાયે વરસે, તમે લખી મુંકજો પત્રી; ધીર ધંન. ૧૬ નારદ નરખીનાહા, તેવાસવકેરે વાસે, ઇદ્ર આદર દીધો, હરી મન બોલ્યા ઊલ્લાસે તવ સુતમાં મચ્છવેધે, નેપટ પારથની પાસે, ધીરધંન. ૧૮ મળ્યા સભા સહટોળે; તાં અમર વસ્ત્ર લેઇ ચાલ્યો સ્થભ ચઢે તે વેળા, અંત્રીક્ષ રહીને આલો, એક પુત્ર અવનીમાં, તે હશે તમોને વાહાલો, ધીરધંન. ૧૮ સજી સર્વ વૈમાંને, તાંત્રીદશ આવ્યા ધાઇ, નારદ કોના જાણે; તમ બેઠા આસન જાઇ, પારથ થંભની પાસે, ત્યાં ઉભો સાયકસાઇ; ધીરધંન જય. ૧૯ ઉર્ધ્વપદે કે પ્રષ્ટે ચઢુ, કોહોનો કુદીને વળગુ; કોહોનો શર મારીને, કરૂ આભામંડળ અળગુ, ભાંનુમંડળ ભેદુ, જે તે તાપે ને સળગુ, ધીરધંન જય. ૨૦ કશી કચ્છ વાણીને. ત્યાં ચડવાત તઇઅર થાયે. દ્રોણગુરૂને પ્રણમી, તાં કર કોદંડજ સાહ્યે; ફાળ સ્થંભ પર મારી, જમ કપીવર દોડ્યો જાયે, ધીરધંન જય. ૨૧ પવન પુત્ર ભુજ પો હોળેજે સ્થંભ વળે નાહાળે, પડે પારથ જોયા છે, તો યંત્ર સુધી ઉછાળ, અડાબીડના સાહામુ; ચઢતાં તાં પારથ ભાળે, ધીરધંન જય. ૨૨ પારથ કે નપડુ હું, જો ફરતી મારૂ કાળુ; પવન પત્ર કે પડીયા, તે ભુપતી નજરે ભાળુ; જોથાકુનો પડ્યો તુંને મચ્છ સુધી ઉછાળુ, ધીરધંન. ૨૩ દુર્યોધન કે ઉભો આ; અડાબીડ કયાં અડશે, કર્ણકે હે વાડવનો, ઉપરા ઊપરી ચડશે; નટ પેઠે નાસે છે, યે પ્રવીણ તે કયમ પડસે, ધીરધંન. ૨૪ યેકશ્વાસે જે ઉચ્યો, તાં ચડપ ત્રાંશ ને સાહ્યે; ગુલાંટ મારી મુકયા; ત્યાં બે પડખાંમાં પાયે, ચાપ ચઢાવી તાંણ્યુ; ટંકાર ત્રીલોકે થાયે; ધીરધંન જય. ૨૫ જેપુર પતીશાર ધારે, તેની સેના વાદવ જોડે, સુરચઢાવા કાજ્યે, તે નીશાંન પર વ્રા પાડે, આચમની લેઇ કરમાં; સઉ વાડવ તુંબી વગાડે, ધીરધંન જય. ૨૬ ... કરે શર સાંદી, ને જળમાં જોયું ધારી સુર અત્રીક્ષનીહાળે; ને નીચે સઉ નરનારી; દ્રુપદ સુતા કે રાખો, લક્ષ્મીવર લજ્યા માહારી; ધીરધંન જય. ૨૨૭ ધરમ પુત્રનાં બેઠા,

તે રામ ક્રષ્ન પોકારે, પારથ પાછળ ચડજ્યા, વૃંદાવન વાસી વહારે, આ અંત્રીક્ષ રહયો છે, તે ત્રીકમ તહમ આધારે, ધીરધન જય. ૨૮ કરે કોદંડજ તાંણ્યુ; તાભોમંડળ કડકડીયુ, સણુણુણુ તે શર છુટયુ, તે જતુ મચ્છમાં અડીયુ, ગગન ગર્જના કરતુ, તે જૈને જળમાં પડીયુ, ધીરધન. ૨૯ દેવ દુંદુભી વાગ્યાં ને વરત્યો જય જય કારે, વાસવે વસ્ત્રજ આપ્યાં તાંહ પારથને તે વારે, વિચીત્ર વેશ ધરીને, ઉતરીયો રથ ભાથાર, ધીર ધન જય. ૩૦ મકરા ક્રત કુંડળોએં વિદ્યુત વત મુકુટજ માંથે, સ્ફાટીક કૌસ્તુભે મઢીયાંએં કનક કડાંછે હાથ્યે; કદ્રપ સરખી કાયા, જડી કનક કવચની સાથ્યે, ધીર ધંન. ૩૧ જડાવ કર આંગળીયો; કરી સોનેરી સુરવાળ, જરીયાંની શેલાંની; બાંધી કંમળ ભુપાળ, કેસરી અરચા કીધી; ઉર પારીજાતની માળ, ધીર ધન જય. ૩૨ નરખી નરપતી લાજ્યા, અહીંથી પાંમર પરવરીયો; તે સાટે સ્ત્રી વરવા, શું વાસવ વર ઉતરીયો; કળ્યોન કોયે જાયે, મુળ મણીને કુંદન ભરીયો; ધીર ધંન. ૩૩ ત્રીલોક મોહન તેજે, છેરાજીવ નેણ રૂપાળાં; નરપતી વરવા ધારે, જોઇ હરખી દુપદબાળા; પારથને પડી પાયે; અરપી કંઠે વરમાળા, ધીર ધંન. ૩૩ હરી કાપડાયે કંન્યા, અધીપતીયે આશા છોડી; સમવીધીયે બેવડીયાં, લેઇ કણકે થોડી થોડી, સુર સતિએમ શોભે, જંમરમા રસીકની જોડી; ધીર ધંન જય. ૩૫ પુરપતિ લજ્જા પાંમ્યા, ઉતરીયાં સઉનાં પાંણી; થવા સ્વયંવરે ટોળે, સઉ સંપી વદીયા વાંણી; હણી કાપડી ને લેવી, એ જાય નહીં ક્ષત્રાંણી; ધીર ધનં જય. ૩૬ વિશ્રાંમ. ક્ષત્રાંણી ક્ષત્રીવરે, સોર બાંધો વાટયરે; કજાતીયે કન્યાવરી. અંતર હવો હવો ઉચાટરે. ૧ ધરમ પુત્ર સેહેદેવ બે, ભીક્ષા લેવા જાયરે, રેવારસીકરાજી રહ્યા, પણ સંગ્રામજ થાયરે. ૨ ઇતિશ્રી ભાષાભારતે શત શાહસ્ત્ર સંહિતા યા આદી પર્વ મચ્છવેધ પાખ્યાને કવી શ્રી રેવાશંકર વિરચીતે, અરજુન મચ્છવેધ ક્રતો નાંમ નવમો ધ્યાય ૯ મો ॥ છ ॥ છ ॥ છ ॥

અધ્યાય ૧૦ મો.

રાગ. ધનાશ્રી વૈશમપાયન કહે સુણો રાય, પછે ભુપતી મનમુઝાય.
૧ સરયુ કોઇનું નાહી કાજ, લીધી લંપટે આપણીલાજ. ૨ પેમુ આ ફેરેજ્યેયેને
પડશે, ક્યાંથી ક્ષત્રીને કન્યાયો જડશે. ૩ સાચી કાપડીને સજાદેવી, મારીકુ-
ટીને કન્યારે લેવી. દુર્યોધન કેમ મચ્છ ને તાડ્યો, ખજે રહેલો પાપીયે પાડયો
૫ કન્યા મુજને દેન્યોવીર ટોળી, જુઓ આમેતો પીડીરેચોળી. ૬ માપ
બીદળ બાંધ્યાનુ રાખો, નીનો થાશે મહારો જગ શાખો. ૭ કર્ણ, શલ્ય
શાલવ શીશુપાળ, જરાસંધાદિ મળીયા તે કાળ. ૮ મારી મારગે કન્યારે
લેવી; કરી યુક્તિ અધીપત્યે એવી, ૯ ભુપ લડવાને તતપર થાય, તેવે આવીયા
દ્રુપદરાય. ૧૦ જમ્યા વીના નહિ જવાને દેઉં, તારે ભુપ કે જંબાનું કેવુ.
૧૧ સુતા દેવાને સૌજે જાતી, જાવો તેજ તમારીરે જ્ઞાતી. ૧૨ પીયે પાંણી
તમારૂંરે જેહ, રહે નાત્યની બારણે નેહ. ૧૩ નથી નાત્ય જણાતીરે જેની,
આપી લાવજ્યો કન્યારે યેની. ૧૪ મુકયો વર કન્યાનો વેહેવાર, સઊ
સંપીયા ભુપ અપાર. ૧૫ ઘણા દીવસ જમ્યા તહમ ઘેર, હાવે મહીપતી રાખોરે
મેહેર. ૧૬ યેમ બોલિયા કૌરવનાથ પડયા હેઠા દ્રુપદનારે હાથ. ૧૭ મુની
મંડળમાં ગયારાય; કન્યા આપીની કુળ પુછાય. ૧૮ વિપ્ર વરણે છે વરતણુ
રૂપ, ઉઠયા સર્વ સભાથકી ભુપ. ૧૯ નાત્યે બારય કેહ દ્રુપદ ટોકી રહ્યા
ચોગમ મારગરોકી. ૨૦ આપી વિપ્રને વળતી વીદાય, સઊ સોમપરાજિરે
થાય. ૨૧ ભિમ પારથ કન્યારે હાથે, ઉઠયા મુંની મંડળ તની સાથે. ૨૨
વિપ્ર કેહ ધરપોમાં તમ્યે બિક, અમ્યે સોઝત્યમાં છિયેઠિક. મારી તુંમડાં
ફોડિશું શીશ વધુવાજનથી પાડિશુ ચોસ. ૨૪ પુછે દ્રષ્ટ ધુમન આવ્યા,
નમી પારથને સમઝાવ્યા. ૨૫ સઊ અધિપતી ભરિયા ઉમંગ, વાટગે વળગશે
તે તમસંગ. ૨૬ માટયે મંદિરમાં તમ્યે ચાલો, નિજનાત્યનાં ઉત્તર આલો.
૨૭ કન્યા દેઇ કેહ પુછયાનું શુકામ, મુને કરવા દે રણસંગ્રામ. ૨૮ ભિમકે
હમો સાતઇ જૈયે, તાહરે જાત્યથી જુદારે થૈયે, ૨૯ પારથ કેહ રથ અસ્ત્ર જે

લાવો. જાત્ય જ્યુદ્ધમાં જોવાને આવો. ૩૦ વૃકોદર કેહ સગા તમ્યે કાવો, તે વો પાટડો પ્રૌઢ બતાવો. ૩૧ નમળે મચ્છવેધનાં ટેક, નહિતો ઝાઢજ્યુ નુનીરેહે ચેક. ૩૨ આવે યુદ્ધમાં આજ જો દાવ, કરૂ રાણ્યાને રોળી તલાવ. ૩૩ સુણી શબ્દ શાહાતા થઇ ધાયો, રથ જોડિઆ યુધ લેઇ આયો. ૩૪ ભાથા ભરવી બે પારથે લિધા, પછે સેહદેવ સારથી કીધા. ૩૫ કન્યા પારથે પાસ બેસાડી મુકયો ચાપ આગળ શર કાહડી. ૩૬ પુઠયે શીખડિ સેનાને લાવ્યો, તેહને પારથે જે સમજાવ્યો. ૩૭ કરે ભુપતી તમ પર કે ર, વળો સેના લેસન મુખ ઘેર. ૩૮ માહારી પુઠયે વૃકોદરવિર. બિડય ભાંજન બળગંભિર. ૩૯ કળે-ગર્જના સાંભળિ ચરણ, ત્રાસે કે સરથી જેમ હરણ. ૪૦ માટયે સેના લઇ મંદિર જાવો, રણ જોવાને રાજવિ આવો. ૪૧ પુઠયે વાડવ સેનારે ચાડી, ઊભા તુંબાં ને ચરમ ઉંપાડી. ૪૨ ઉચ્યાં-દરભનાં આસન ઝાલ્યાં, કોયે ઉપાંન હાથમાં વાલ્યાં. ૪૩ મારિરાયને જીતી શુ રોડયે; હમ્યે બળિયા છિયે તમ જોડયે. ૪૪ પારથ કહે તમ્યે કે બેસો ઠાંમ, યેતો શત્રુ વરિ સંગ્રામ. ૪૫ યેમ કહી દ્વિજ ઓથેરે વાલ્યા; સુર સંગ્રામે સનમુખ ચાલ્યા. ૪૬ કર્ણ શીશુપાળ જેહ, આવ્યા આંતરિ ચોંમગ તેહ. ૪૭ કાર કૈરવનો સઉ કહાડુ, વૃકોદર કેહે વૃક્ષ ઉપાડુ. ૪૮ ધાયા દોદ-શથી સઉ સુર, જયમ ચઢિયુ તે સાગરપુર. ૪૯ કાપડિ હરી ચાલ્યોરે કંન્યા; ભ્રષ્ટ ભુપે જોતાં કરયો અંન્યાય. ૫૦ કુંન્તા કુંવર કહેજો વધુહાય, મહારિ પાસ થકી લેઇ જાય. ૫૧ કંન્યા નૈયેનો ભુપોની કાળ; રણ રોળાવ-શે આ ભુપાળ. ૫૨ પાસે આવાતો પાંચીન લેઉ પાછા જીવતા જવાની દેઉ. ૫૩ દુર્યોધન કહે મેં મચ્છને તાડયો, મહાઇ રહ્યેસો પાપી ને પાડયો. ૫૪ પારથકે પડયો નીરલજ નેષ; અંગે પીડીને મુખ ફરિ બેશ. ૫૫ નવ પર-ણ્યાયુ પ્રથ્વીમાં પેંશ, કાળા મહાંના તુંચેર શુકેશ. ૫૬ બોલા બોલી થતાં વિષ વાપ્યુ. નાક નરપતી સરવનું કાપ્યુ. ૫૭ સઉ સચ કરિ ગડગડિયા; દુટિપારથ ઉપર પડિયા. ૫૮ દેહે ચોંમગ કોપથી કષ્ટી, કરે બળ નીધિ બાં-ણની વૃષ્ટી. ૫૯ બહુ બુંમારણ રણ થાય; વિર હાક વાગી સુરધાય. ૬૦ તદ બાવળ લેજે મઝિંટી, લિધો વાસવ તન રથ વિટિ. ૬૧ પછે પારથે સાયક સાયુ, મારિ ચોમગ સૈંન્ય હઠાયુ. ૬૨ રથવિરથ કિધારે સુર. કોપ્યો

પવન પુત્ર બળપુર. ૬૩ તરૂતાડનો સેનામાં ધાયો, જાણે કુંભ કરણ બિજો આયો. ૬૪ વાળ્યો વીર વૃકોદરે ઘાણ , કરે બાટાવરા થઇ ઘુમરાણ. ૬૫ પરદળને તે પ્રાજેરે કીધિ, ચાવુ ચોમગ સાંમટ્ઠ લીધુ ૬૬ મીચી આંખ્યો અડાબિડ ઝુડ્ડુડે, પડે મક્ષીકાજ્યમ મદ્ય પુડે. ૬૭ પડે પરિઘમ મુશળ પહશી. રહિ આયુદ્ધ ધારારે વરશી. ૬૮ રથઝાલિને રથમાં પછાડે, મારી મુષ્ટીને મહગળ પાડે. ૬૯ કોના કાઢયા પછાડીને પ્રાંણ, મારિગડદાપાટ્ર વાળ્યો ઘાંણ. ૭૦ કોને ઝાલિને ઝીકયારે કેશે, કરયા પ્રાજેકો પગનીરે ઠેશે. ૭૧ કોના કંઠ તે મરડયારે ખિરી, કોના ચરણ બે નાંખ્યારે ચીરિ. ૭૨ કોને શાપ અફાળિને મારયા, યેમ સામટા સુરસંહારયા. ૭૩ વ્રકોદર જેણી બાજુ વેચાય, તાંહાં મોકળો મારગ થાય. ૭૪ વાળ્યો સેનાનાં સંહારઝારે, ધાયા સૌ વિરસંપીનિ તાહારે. ૭૫ કર્ણ શલ્ય શીશુપાળ જેહ, ભુરિશ્રવાને ભગદત્ત તેહ. ૭૬ દંત વક્રને દુર્યોધંન, જરાસંઘ જેદ્રથ રાજન. ૭૭ કોપ્યા કરકરી કરતારે માર; નાંખે આયુધ અસ્ત્ર અપાર. ૭૮ ગદા ગુર્જ્ય ગોળાનેરે બાંણ પડે મુશળમુગદળ પાંણ. ૭૯ તોમર ત્રીશુળને ભિંડિણાળ; શાંગ્ય શક્તિ ભુશુંડિકરવાળ. ૮૦ ખેટખપર ખડગના ઘાય, ખિર ચોગમ મારતા ધાય. ૮૧ ભેદયુ પવનપુત્રનું અંગ, કરયો શર વ્રષ્ટે ગતિ ભંગ. ૮૨ તરૂકરનુ થયુ ચકચુરા, ધાયા સોહોર કરી પછી સુરા. ૮૩ ફરિ વળિયા ચતુર ચોફેરી, લિધો કુન્તા કુંવરને ઘેરિ. ૮૪ ધાયો પારથ ધરિ ધનુ જ્યારે, થયો ત્રિલોક ટંકાર તાહારે. ૮૫ કરિ વીરહાક વીકરાળ, ખળભળિયાં સપ્ત પાતાળ. ૮૬ કરિ શલ્યના ઉપર રિશ, છેદ્યુ સારથી કેરૂરે શીશ. ૮૭ કરી વાસવ સુતે મતી વક્ર, ચિરચાં બાણ થકિ રથ ચક્ર. ૮૮ બાણ સરવના શસ્ત્રથી છેદે, પોત્યે પાંહાંકી તે પરને ભેદે. ૮૯ વળગ્યા શલ્યાદિ તાં શરચોટ, કરચો ચોગમ બાણનો કોટ. ૯૦ માર પારથનો પડ્યો જ્યારે, મુકિ ટેકને નાઠારે તાહારે. ૯૧ કરચા ગજ હયરથ તે પુરા, ભડે ભાગી કરયા ચકચુરા. ૯૨ પાડે મહગળ ચોગમ ચીશ, ધ્રુજેને પડિયાંરે શાશ. ૯૩ પવનાસ્ત્ર તાં મુકયુરે કાહાડિ, સેન્યા સરવ આકાશ ઉરાડી. ૯૪ કરયાં ચારણી સરખાંરે અંગ, થયા ભુપતી સૌ ગતીભંગ. ૯૫ સોડય તાણી સુતા રણસુર, વહે શોણીત સરિતાનું પુર. ૯૬ વાગે કરણને તે શાર

ધાય, રથ જોજન પાછોરે જાય. ૯૭. વિશ્રાંમ. જાય પછો જોજન ખશી, પડયુ હળે ભગાંણરે; કર્ણ કહે વાડવ નહિ આ પારથનાં આણરે. ૧ વીપ્ર સાથે વઢવુ કશુ. કહિ નાઠા લેઈ પ્રાંણરે; રેવારસીક કે વીરને. પારથે વાળ્યો ધાંણરે. ૨ ઈતીશ્રી ભાષા ભારતે શત શાહસ્ત્ર સહીતાયાં આદીપર્વે મચ્છ વેધવાપાખ્યાને કવી શ્રી રેવાશંકર વિરચીતે સંગ્રામ વર્ણો નામ દશમો અધ્યાય ૧૦.

અધ્યાય ૧૧ મો.

રાગ ટોડિ. વાગીશર જોઇ સેનામાં હાકરે. એ અરજુન આવ્યોરે ચઢિ મેદની ચોમગ ચાકરે, એ અરજુન આવ્યોરે. ૧ જેના ઉછળે અશ્વઆકાશરે, એ અરજુન આવ્યોરે, થયો સેનામાં નાશા નાશરે, એ અરજુન આવ્યોરે. ૨ જેના ત્રિપુરારિ સરખો છે ટેકરે, યે અરજુન આવ્યોરે, હેને ઝીતે ને અતારથી એકરે. યે અરજુન આવ્યોરે. ૩ મુકે ચોમગ ફાવતાં બાણરે, યે અરજુનઃ સત્યે સાચાનું ઓળખ્યુ ચેંધાંણરે, એ અરજુન આવ્યોરે. ૪ જેનું વાસવ સરખુ છે રૂપરે, યે અરજુન, દેખીલાજે ભુમંડળના ભુપરેઃ યે અરજુન. ૫ જેનું અકળિતબળ ન કળાયરે, યે અરજુન, શરપણ છથી પ્રાગટ થાયરે, યે અરજુન. ૬ નાસે સારદુલથી જ્યમ શ્વાનરે, યે અર; મુકયાં મહીપતી સઘળાંયેમાંનરે, એ અર. ૭ મારયો શાલવને યેક બાંણરે, યેઅર; વાળ્યો અશ્વનેરથનારે ધાંણરે, યેઅર. ૮ નાઠા પુઠય દેખાડિ લેઇ પ્રાણરે, યેઅરઃ તોહે કેડા ન મુકે હેનુ બાણરે, યેઅર. ૯ દુર્યોધન તાહસનમુખ ધાયોરે, યેઅર; મારિરણમાં કરયો તે રઘવાયોરે, યેઅર. ૧૦ ભુરિશ્રવાને ભગદત બળીયારે, યે અરજુન, કરી યુદ્ધ તે ધરણી મે ઢળિયારે, યે અર; ૧૧ કાઇ મળતા રૂધિર ઘેર જાયરે, યે અરજુન; કોઇ મારથી મુરછા થાયરે, યે અર૦

૧૨ ત્રાસપાંમિને મુકેરે ટેકરે, યે અર૦ સાંહામાં કર્ણ સમો વડિયેરે, યે અર૦ ૧૩ કરે અન્યોન્ય યુદ્ધ અપારરે; યે અર૦ થાયે બાંણુની વૃષ્ટી તેવારરે, યે અર. ૧૪ ધરા ધુજવા લાગી બિરધાકેરે; યે અર૦ રથ કુન્તાકુંવરનાં ચઢયો ચાકેરે, યે અર૦ ૧૫ પડે ફરતી સેનાનેરે ત્રાસરે, યે અર૦; દેખે પારથનાં રથ પાસેરે, યે અર.૧૬ જેમ બળતુ વિઝે કોઇ દારરે, યે અર. ભાસે અગ્નીતે ચક્રાકારરે; યે અર૦ ૧૭ યેમ સરવે ને સાથે થાય ભેદોરે; યે અરજુન,જાણ્યે પારથે લિધો મારો કેડોરે, યે અર૦ ૧૮ કોઇયે નીસરી નાશી ન જવાયરે, યે અર૦, રથ ચોમગ દેખે સઊ રાયરે. યે અર. ૧૯ કરયો કર્ણ પારથે સંગ્રામરે. યે અર૦ નાખી વળિયો તાં અસ્ત્ર તમામરે. યે અરજુન ૨૦ ગ્રહ્યા શસ્ત્ર સમો ત્રડિસુરરે. યે અર. વિરહાક વાગે રણતુરરે, યે અરજુન. ૨૧ તારે કર્ણુ તાં હીમત્ય હારયોરે. એ અર. તમ્યે કાંણુહો કઇને ઊચારયોરે, એ અરજુન; ૨૩ સકે પારથ કે પરશુરાંમરે, એ અરજુન; છોચડા ન નડે શચી શાંમરે, એ અરજુન. ૨૩ બિજા કોની ન પોતે હામરે, એ અર. માહારી સાથે ટકે ને સગ્રામરે; એ અરજુન. ૨૪ માહારૂ રદય ભેદિ શર જાયરે, એ અર. વિપ્રના હોયે પારથ ઘાયરે, એ અર. ૨૫ કુન્તા કુવર કે વીપ્રનુ કુળરે. એ અરજુન યુદ્ધ કરય પછી કાઢે શુ ધુળયરે, એ અર. ૨૬ દ્વિજમંડળ ધાયુ તેણીવારરે, એ અર. ચર્મતુમાં ને કરવડાસારેરે, એ અર. ૨૭ ધુળ્ય કાંકરા ધોબા ભરી નાંખેરે, એ અર. જિતે બ્રામણ હેવુરે ભાંખેરે, એ અર. ૨૮ દ્વિજેસાગરનું જળ પીધુરે, એ અર. ક્ષત્રિકુળને નીકંદ ન કીધુરે, એ અર. સગરસુતનાં પરાજય કિધોરે, એ અરજુન. ૩૦ માટયે હારય તારીથાશે કર્ણરે, એ અરજુન. લડયો તોએ હાથે તારૂ મર્ણરે, એ અરજુન. ૩૧ કર્ણ કે વીપ્ર સાથે શો સંગ્રામરે, એ અરજુન. એમ કૈને નાઠો તાં મુકી મામરે. એ અરજુન. ૩૨ તન ટુટે ને પીડારે થાયરે, એ અરજુન. નથી વરવાની સુજને કંન્યાયરે. એ અરજુન. ૩૩ વળગ્યો સલ્લ તે ભીમની સાથરે, એ અરજુન. ગદાતોમર ગુર્જ બેને હાથરે. એ અરજુન. ૩૪ પછિ વળગ્યા પરસ્પર અંગરે. એ અરજુન. પડે બે જેમ શૈલના શ્રૃગરે, એ અરજુન. આવ્યોરે. ૩૫ ઘુંટણ પાટુને ગડદાના ઘાયરે, એ અરજુન. તળે ઉપર બે જણ થાયરે. એ અર-

જુન. ૩૬ કરયુ કોથલો કચરીને અંગરે, એ અરજુન. થયો શલ્ય તારે ગતીભંગરે, એ અરજુન. ૩૭ વાગે હસ્ત તે વજના ડંડારે, એ અરજુન. પડે પાતાળે પગના પ્રચંડારે. એ અરજુન. ૩૮ ડાબા જમણા ફરે લેવા દાવરે, એ અરજુન. ક્ષીતી ખોદે પડ્યુ તાં તલાવરે. એ અરજુન. ૩૯ રજે ભાનુનું મંડળ છાયુરે, એ અરજુન. જાણે ગેબી દ્દંતર આયુરે. એ અરજુન. ૪૦ કહે શલ્ય શી જાતિ તંમ્યે ધિરરે, એ અરજુન. વ્રકોદર કે બિજો બળવીરરે. એ અરજુન. ૪૧ બિજો ત્રીલોકમાં નથી રાયરે. એ અરજુન. માહારી સાથે આવું યુદ્ધ થાયરે. એ અરજુન. ૪૨ વ્રકોદર કે વાડવ સાથરે, એ અરજુન. ઘણા લાગ્યા સંવાળા શું હાથરે. એ અરજુન. ૪૩ શલ્ય કે જાણે ને કાયા માહારિરે, એ અરજુન. તું જા નીપ ને છુટ્યા હમે હારિરે. એ અરજુન. ૪૪ એમ કેંયે તાં નાશી છુટ્યા રાયરે, એ અરજુન. પ્રાણ લેઈને સરવે પળાયરે. એ અરજુન. ૪૫ નાશ્યા જાદવને તાં યદુનાથેરે એ અરજુન. જિવ્યુ દ્રચ્છો તો ચઢસો ન હાથેરે. એ અરજુન. ૪૬ માન ભ્રષ્ટ થયા મહીપાળરે, એ અરજુન. જિતી ચાલ્યા તાં પાંડુના બાળરે. એ અરજુત. ૪૭ મળ્યા ભીક્ષા લેઈ સેંસે સેહેદેવરે, એ અરજુન. પાળ્યા પાંચાળી લેઈ તતખેવરે. એ અરજુન. ૪૮ ઘેર કુંત્તા જુવે છે વાટરે, એ અરજુન. નાવ્યા પુત્ર પ્રગટ્યો ઉચાટરે. એ અરજુન. ૪૯ ગયા ચક્રી મંદિર વધુ ભ્રાતરે, એ અરજુન. લાવ્યા ભિક્ષા કુંજઈ માતરે. એ અરજુન આવ્યોરે. ૫૦ વિશ્રામ. માતુ ભિક્ષા લાવિયા પ્રથા કથા રળિયાતરે, સા કહે પાંચ જણ મળી, જમો વેહેંચી સઉ ભ્રાતરે. ૧ દાટ વાળ્યો ડોશીયે, કહી વધુની વાતરે, રેવારસીકે જ્યમ નીસર્યુ, તમ બોલી કહે માતરે. ૨ ઇતિ શ્રી ભાષાભારતે શતશાહસ્ત્ર સંહીતાયાં આદિ પર્વ મચ્છવેધ પાખ્યાને કવિ શ્રી રેવાશંકર વિરચીતે અરજુન કર્ણ સંગ્રામવર્ણનોનામ એકાદશમો ધ્યાય. ૧૧.

અધ્યાય ૧૨ મો.

રાગ આશાવરી. વૈશંમપાયન ઐઋષિ બોલ્યા, સુણ્ય જનમેજય રાયરે, ધર્મ કહે મા ભિક્ષા નહિ હવે, લાવ્યા દ્રુપદ સુતાયરે. ૧ કુન્તા કહે એ વાચક માહારૂ, મિથ્યા ભાગ્ય ન જાયરે, માટે પંચે પરણો હેને, તો સુખ સઘળુ થાયરે. ૨ પછે દ્રૌપદિ પાયેરે લાગ્યાં, હોંશી આશીશ માતરે, પાસે બેશી પંચે વીરને, જમીયા મધ્ય રળીયાતરે. ૩ તેજ સમે હરિ હળધર આવ્યા, ધરમને લાગ્યારે પાયરે, પાંચાળી ત્યારે બાંધવ, નમીયાં શ્રી વ્રજ-રાયરે. કુશળ વાત પરસ્પર પુછી, નયણે ઢળીયાં નીરરે, કુંતાનું દુખ દરશાને રોયા, હરી હળધર વિરરે. ૫ કુંતા કહે અમને વિસારયાં, દુરયોધને દુખ દીધુરે; લાખાગ્રહમાં બાળ્યાં તે સહુ, હરી જાણે પણ કીધુરે. ૬ વિરવસુદેવ સરખારે માહરે, ને પાંડુ વર પામીરે; આ સુત લેઇ વનમાં ભમ ભટકી, વેદના માહારી ન વામીરે. ૭ ભમીજ ભગવંત તમેને, દોહલા દીન હું ગાળુરે, કેશવ કહે હવે સુખ વારો, સંકટ સઘળાં ટાળુરે. ૮ ભિસ્મને કહીને ભાગ અપાવું, તમ સુત કરશે રાજ્યરે, દુરયોધનને મહા દુખ પડશે, જે ફરી થાય નહિ તાજરે. ૯ કોઇ તમારી ફિકર મુને છે, કહી હરિ હળ-ધર જાયરે, દ્રુપદરાયને મહા ચીંતા જે, પાંડવ ના વરતાયરે. ૧૦ મેં પાપીએ કયાં પણ લીધુ, જે કોઇકી નવ થાયરે, વિપ્ર સભાથી વેગે હરિવરિ, કાપડીએ કન્યાવરે. ૧૧ પાવકમાંથી પ્રગટ થયેલી, રતિ રૂપનું આળરે, પામર પાસે તે બંધાઇ, ન મળ્યો ભોગી ભુપાળરે. ૧૨ ભૂપ કિરતિ મારી અધિપતિમાં, કોઇ નહિ દે કન્યાયરે, તે તનયા દુખ દરીયામાં પડી, ભિક્ષા માગી જે ખાયરે. ૧૩ કુસુમ થકી સકુમાર સુતા છે, કયમ વનવાસો કરશે રે, શાન રઝળતાં રાંકડી મારી, રણમાં તે રોઇ મરશેરે. ૧૪ જરીયાની પટ પહેરીને ફરતી, તે જનકુળ કેમ ગમશે, શસ્ત્ર સાહેલી સાથેરે રમતી, એક લકડી કયાં ભમશેરે. ૧૫ પારથ માટે મેં પણ કીધુ, તે ચઢી કાપડી કરમાં રે, ડંડિક ભેળાં દિવસ લેવા, સાસુ નણંદ નહિ ઘરમાંરે. ૧૫ કોવરની જે-

રાવર જાતી, પુર્ણ પ્રતિજ્ઞા કીધીરે, શલ્ય કરણ શીશુપાળાદિ જીતિ, લાખેણી લાડી લીધીરે. ૧૭ એમ વિચારી પુત્ર પોતાનો, દ્રુષ્ટદ્યુમન જેહરે, વાત કરે શી જઈ જુવો ચરચા, મોકલ્યો ચક્રિ ગેહરે. ૧૮ પાંડવ પાંચ ને કુન્તા દ્રુપદી, બેઠાં મળી ને ઠારરે, વાત કરે અડકાવી મંદીર, ઉભા ગુપ્ત તે દ્વારરે. ૧૯ કુંતાના પગ દ્રૌપદી ચાંપે, ધર્મના ચારે વીરરે, ધર્મ કહે યુદ્ધ કેમ કરયું ત્યાં બોલ્યો વ્રકોદર ધિરરે. ૨૦ વ્રક્ષ વડે વઢતાં નવ ફાવ્યુ, ન મળે સરસ ગદાયરે, નીકર શલ્ય સંગ્રામ પોતાડત, જીવતો ઘેર ન જાયરે. ૨૧ સઉ કૌરવ સંહારત રણમાં, પાછલું વાળત વેરરે, દુરયોધનને ડાટત ખોદી, જીવતો જાત ન ઘેરરે. ૨૨ પારથ કેહે શર ચાપ ન સારાં, નીકર રણ રંગાયરે, આજ કરણ માહારે કર આવ્યો, જીવતો ઘેર ન જાય. ૨૩ નિકુળ કહે મુંને પારથે વારયો, નીકર સૈન્ય વિદારૂરે, સારથી જો ના હોત સવેળા તો સરવેને મારૂરે. ૨૪ સાથરે સુતાં કુંતાની પાસે, દ્રૌપદી તેણીવારરે; પાંચે પુત્ર પુરવ મુખ પોઢ્યા સમજે દ્રુપદકુમારરે. ૨૫ અસ્ત્રાયુધની વાત કરી તે, તાતને જઈ સમઝાવીરે, પીતા પાંડુના પુત્ર એ પાંચે, ભારી યુદ્ધના ભાવિરે. ૨૬ કૌરવને હણવાને કાજે, પાંચે વારતા કાહાડીરે, દુખ દીધું દારૂણ એ દુષ્ટે, દુરયોધન જે દાહાડીરે. ૨૭ દ્રુપદરાય રળિયાત થયોને, તેડયો પ્રધાનને પાસરે. જાવો જુવો ચક્રિને મંદિર, કાઢો જાતિ તપાસરે. ૨૮ પાંડુ પુત્ર કને તે આવ્યો, પુછી વિનયે વાતરે, મહિપતે મુજને મોકલીયો તમે, ભુપતિ કોણ કુળ જાત. ૨૯ યુધિષ્ટિર કહે કામ કશું જે, કુળ કન્યા દેઈ જોવુરે, પ્રધાન કહે પારથપર પ્રીતિ, સાંભળી સંકટ ખોવુરે. ૩૦ ધર્મ કહે પ્રભુ ધારયુ કરશે, નાથ કરે નહિ અનર્થરે, પાય નમી પુરપત્ય પાસે જઈ, ઉચરયો સઘળો અર્થરે. ૩૧ પાંચે એ પ્રથવીપતિના તંન, નિશચે મેં કર્યા મંનરે, ભુપતીએ રથ મોકલીઓ જ્યાં, સુતા સઘળા તંનરે. ૩૨ ચાલો ચાકર કહે ભોજન કરવા, તેડે દ્રુપદરાયરે, પાંચ પુત્રને કુન્તા દ્રુપદિ, બેશી રથમાં જાયરે. ૩૩ દ્રુપદઘેર પરીક્ષા માટે; મુકિ સઘળિ વસ્તરે, આયુદ્ધ વસ્ત્ર ને માણ્યક મોતિ, પુસ્તક તુંબી સમસ્તરે. ૩૪ જાતી પ્રમાણે જયમ તાં દ્રષ્ટી, જાશે તે નીરધારરે, નેષ્ટા યુદ્ધ તે કનક વિભુશીત; શ્રેષ્ટ તે ધાતુ કુદારરે. ૩૫ આંગણે આવી ઉતરીયાને, મળીને

નાહાવણ કિધુરે, જંબા બેઠા તે જગ્યાયે, પ્રથમજ મુંકિ દિધુરે. ૩૬ જયમ ત્યાં દ્રષ્ટી પાંચેવીરની, આ યુદ્ધ ઉપર જાયરે ભુપતિ કે ઇચ્છા હોયેતો; થ્યો મન ગમતાંરાયરે. ૩૭ આ યુદ્ધ પાંચે વિરે પકડયાં, સમઝિ સાચારે જેહરે ખરી ખાતરી ભુપતીને થઇ. પણ પુછે ધરીને હરે. ૩૮ કૃપા કરી નીજ નાંમ કહો મુને, પુરણ પ્રીતી થાયરે; ધર્મ કહે તમે જે ધારોતે, પાંડુના સુતરાયરે. ૩૯ વાત વિગત કિધી વીસ્તારી, હરખ્યો મહીપતીમંનરે, કે પારથ જે ત્યો પરણાવું, તત્રકે ધર્મ વચન. ૪૦ કુન્તામાનું વચન થયુ તે, વરિયે પાંચેવીરરે, દ્રુપદરાય કેમાં વદશો કે કપ્યુ સકળ સરીર. ૪૧ એક પુર્ષને પાંચ પત્નિયો, તે સંભવતુરાયરે, એક નારયનેયુગ્મ પતીનો; ધરા રસાતળ જાયરે. ૪૨ ત્રાહ્ય ત્રિલોકવદે કયમ, કરૂઅનું ચીન કાંમરે, હાના કરતાં સમે આવીયા. દ્વેપાયન તે ઠાંમ. ૪૨ આસનઆપી પુજન કીધુ. બોલ્યો દ્રષ્ટ ધુમનરે, પાંચપુર્ષ તે એક સુતને, કયમ પરણે મુનીજનરે. ૪૪ વ્યાસ કહેયે વેદવીહીનને, મે કયમ મહા કેહેવાયરે, ધર્મકુંવર કહે પુરવે રિત, સાંભળી કો રૂષીરાયરે. ૪૫ ગૌત્તમ વંશ વિશે એક પ્રમદી, અરૂંધતીકો નારયરે સાતરૂષીને કયમ પરણી મુની સમઝા તે ઠારે, ૪૬ દ્રષ્ટ ધુમન વળવી વદિયો, સાત થઇને એકરે, વ્યાસ કહે આ પાંચેએકજ, ન્યારાં અંગ વિવેકરે, ૪૭ વ્યાસે પંચેશીર કરમુકિ, દરસાવ્યું એક રૂપરે, તવ મનમાં આનંદજ પામ્યો, સુતને દ્રુપદભુપરે. ૪૮. વિશ્રાંમ. ભુપપુત્રને વ્યાસજી, કુંન્તા પાંચે વિરરે નવજણ બેઠા યેકઠાં, વ્યાસ વદિદ ધિરરે. ૧ દ્વેપાયન ઇતિહાસકેહ, જેમ સઉશંકા જાયરે; રેવારસીક તે વર્ણવે, પાવન પરમ કથાયરે. ૨ ઇતિશ્રી ભાષા ભારતે શતશાહસ્ત્ર સહીતાયાં આદીપર્વ મચ્છવેધ પાખ્યાને, કવી શ્રી રેવાશંકર વિરચીતે દ્રુપદસુત પાંડુ પુત્ર પરિક્ષ વિધિવર્ણો નાંમ બારમો અધ્યાય ૧૨.

અધ્યાય ૧૩ મો.

રાગ. મારૂ સુણો ભુપતીરે, વૈશમપાયન ઉચરે, તાંહાં વ્યાસજીરે; પુર્વકથા એક વીસ્તરે. ૧ જેમ દ્રુપદરે, પરણાવે પંચેને સુતા; યેકવારજરે,

યજ્ઞતે સુર કરતા હુતા. ૨ નેમી પારણ્યેરે; યજ્ઞનું થાંનક સ્થાપીયુ, કર્મ ફળ સઉરે; ધર્મરાયને આપીયુ. ૩ નારે જન સઉરે, અમરની પેઠયકો નામરે; બૈવાધિ મજારે, એકને અગણીત અવતરે. ૪ તહારે ત્રીદશરે, અંતરમાંહે દુઃખીથયા; પીડ્યા પાંમતારે, પરમેષ્ટી પાસે ગયા. ૫ નરસુરમાંરે, નાથજી અંતરના રહ્યા; બેનો દેહ તેરે, મૃત્યુલોક તે અમર થયોં. ૬ વિધિ કહે યજ્ઞથીરે. યમરાજને અળગો કરોં; તાહારે મૃત્યુ નાંરે, પાડશે મારગ પાધરો. ૭ અંત યમ તણોરે, આવેતાં નરકચ્ચ સુગારશે, મખબંધજેરે, જેકરો કારજ્ય સારશે. ૮ ઇંદ્રાદિકસુરરે, સાંભળી યજ્ઞમાં આવીયા. મૃત્યુ લોકનેરે, મારવા તર્ક ઉઠાવિયા. ૯ પછે પુરૂહુતરે, નાહાવાને ગંગા વિશે ગયો, તાંહાં કમળ જરે, કનકનું જોઇ વિસ્મે થયો. ૧૦ શસ્ત્ર પાંખડિરે, પકજની સોહ્યામણી, જળ તરંગમાંરે, આવે તણાતુ અમર ભણી. ૧૧ શકત કમળનેરે,શેરડે જોવાને જાય છે,હેવાં અણીતરે; તોયના પુરે તણાય છે ૧૨ દુર જાતાં તાહરે,કો રામા કાઠે રૂદન કરે, તેની આંખ્યથીરે, અગ્ની સરિખાં આસુ ઝરે. ૧૩ પડે પાંણીમાંરે, કમળ કનકનાં તે થાય છે. તેની પાસજેરે; પુરૂહુત પાલવ સાહ્ય છે. ૧૪ ઇંદ્ર કહે સતીરે, કયમ રૂવે શુ દુઃખતુજને, કન્યા કે લેઇ જારે, તે પુછ્યે જાણીશ મુજને. ૧૫ શક્ર સુંદરીરે, લેઇને તે પરવતઃ પરવત પરવળ્યો, તેવે પુરૂષકોરે; શક્રને સ્ત્રી સાથે મળ્યો. ૧૬ બેઠાં ગીરીપરરે, ઇંદ્રેદેખિ મદ મન ધરયો; અલ્યા કાંણછુરે; યેમકહીને તાં ઉચ્ચરયો. ૧૭ તેણ્યે તાં દ્રગેરે, નિરજર પતી નિરબળ કરયો; તાંણી ઇંદ્રનેરે, ગીરીના ગુફા મધ્યે ધરયો. ૧૮ તે ત્યાં ભાળતોરે, ચાર ઇંદ્રનીજ સમ લહ્યા; તે કંપ્યો જોઇરે, પરમ પુરૂષ કિજે દયા. ૧૯ પેલા ઇંદ્રનીરે, સાથ્યે આવીતી જેસતી; તે કેછે છોડોરે, પરમ પુરૂષ મહારા પતી. ૨૦ ચાર ઇંદ્રનીરે ઇંદ્રાંણી પ્રથમની યે હતી; તે વીળાપનીરે, કમળજે આંસુની ઉતપતી. ૨૧ પરમ પુરૂષ કેરે; પાંચે ઇંદ્રભુંમી અવતરોં, ભુંમી ભારનેરે; હેળામાત્રમાં જઈ હરોં. ૨૨ પછે સ્વર્ગમાંરે, સંચરશો સુખે તમે; ત્યારે બોલિયારે, અમરથી પ્રગટ થયે હમ્યે. ૨૩ પંચમો કહેરે, પુત્ર હું માહરો પ્રગટ કરૂ, કૃપા હોયતોરે, સ્વર્ગના રક્ષણે સંચરૂ. ૨૪ મહાપુર્ષ કેહેરે, શક્રની સાથે જેહતી, તુભુ અવતરિરે, શેવજે પ્રચતા હારાપતી. ૨૫ પરમ પુરૂષનારે,

વાક્યથી તે સઉ અવતરયાં, ઇંદ્રપાંડુસુતરે, દ્રોપદિ ઇંદ્રાંણી ઠરયાં. ૨૬ મહા-પુર્ષ્યેતાંરે, નારદ તેડી સ્થાપીયા; સ્વેતશાંમબેરે, કેશ અનોપમ આપીયા. ૨૭ કોઇ નારય નારે, કેશ આ ઉદર વીશે જશે, તેથી ભુતણુરે; ભજન ભાર પ્રગટ થશે. ૨૮ જઇ નારદેરે, ન્યારો પ્રસાદિમાં સ્થાપીયો; સ્વેતરોહ્ય-ણીરે, શાંમ દેવકીને આપીયો. ૨૯ પરમ પુરૂષરે, અક્ષરાતીતને ત્યાં કહ્યા; સ:સ્વરૂપનારે, હરીહળધર પેદા થયા. ૩૦ સ્વેતકેશથીરે, હળધરગો રવરણ લહ્યા, શાંમ કેશથીરે, શ્રી કૃષ્ન પોતે પ્રગટ થયા, પરમ પુરૂષતેરે, યેમ સ્વ-તંત્ર પ્રગટ થયો, ભારભુતણોરે, ઉતારવા કિધી દયા. ૩૨ દિવ્ય ચક્ષુવેરે, વ્યાસે દેખાડ્યા તાં સુરપતી. વળીવાર તારે, અન્ય કરી આદર અતી. ૩૩ યેક વારજરે, ઉમયાને ઇશ બેઠાં હુતાં, કાંમ દુર્ગાનેરે, દંપતીયે દિઠાં જતા. ૩૪ પાંચ સાંઢજરે, તે સુરભિ પાછળ પડ્યા; નમ્યા પશુપતીરે, પાર્વતીની ચક્ષે ચડ્યા. ૩૫ કોહોને કયમ નમ્યારે, શંભુ કેહ આ સુરભિસતી, ઊમા-કેહ જાદિરે, પાંચ પુહળહેને પતી. ૩૬ ધેનું તાંહ વદેરે, પાંચ પુરૂષ તુજને હશે, મૃત્યુલોકમાંરે, યે અનુંચીત તુજને થશે. ૩૭ શીવ કહે સતીરે, આ ફળકાદુ તે ઊચરી; સતી કહે શીવરે, પ્રગટો પંચ તમ્યે દેધરિ. ૩૮ માટયે પાર્વતીરે, દ્રૌપદિ થઇને કીધી દયા, તાહારના શીવરે, પંચમુખિ પોને થયા. ૩૯ તેઆ પાંડવરે, દિવ્યદગોયે દેખાડિયા. પંચે એક જોઇરે, મનના તે સંદે મટાડિયા. ૪૦ ત્રિજી વારતાંરે, બ્રંમ સુતા શીવ તપકરી; વર આપતાંરે, પાંચવાર પતી ઉચરી. ૪૧ શીવ કેતુંનેરે, પાંચ પુરૂષ પુરવે હશે, ત્રૈણ યોગથીરે, પાંચાળિને આ પાંડવ થશે. ૪૨ ચચી પાર્વતિરે, બ્રંમસુતા સત્વે કરી, ત્રૈણે તત્વથીરે, તેઆ દ્રોપદિ અવતરી. ૪૩ તાહારી કિતિતેરે, ત્રૈણ-લોકમાં સારી હશે, સદે ટાળવારે, હું આવ્યો ગળવામશે. ૪૪ રિઝો દ્રુપદરે, વ્યાસ વચનથી તે સમે, વિહાવા માંડીયારે, જેમ સગાં સઉને ગમે. ૪૫ સગાં સર્વનેરે કંકોતરિ લખી મોકલી, આવ્યાં આદરેરે, મંડપની છે શોભા ભલિ ૪૬ પછે પાંડવરે, દ્રુપદના પુરમાં રહ્યા, મટિકા પડિરે, પ્રગટ રૂપ પોતે રયા. ૪૭ વસ્ત્ર ભુષણરે, અનુપમ તે અંગે ધરયાં, ઋષી ધૌમ્યનેરે; આદરે વાં તેડાં કર્યાં. ૪૮ ઋષી ધૌમ્યેતાંરે; ચાતુર વેદિ ચોરીકરી, પચરં-ગથીરે; ચંત ભેળિને તાં ચીતરી. ૪૯ ગોત્રદેવ્યાનેરે, ગણપતી પ્રથમ બેસા

ડિયાં, ગ્રહસ્થાપનેરે; કરમ કુશાંડિ લેઇ કાડિયા. ૫૦ પંચ ભ્રાતનેરે, પાંચાળિને પીઠી ચઢી; નૃવરાવિનેરે, વરઘોડે પંચસાથ્યે ચડયા; પાંહાંકયા તોરણેરે, સંપુટ તોડિ મંડપ એડચા. પર અંતર પટ્ટ ટરિરે, મંગળા ચર્ણ વાડવ વદે; ઉંચા કર કરીરે, વિપ્ર વધૂ હરખે રૂદે. ૫૩ પછે માહ્યરેરે, કંન્યાને પધરાવિ તાંહાં; પેહેલો પરણાવુરે, કાંહાંને ધારે મુંની મનમાંહાં. ૫૪ ભિમસેન કહેરે; પ્રથમ મુંને પરણાવજ્યો, પછે ફાવેતોરે; ચ્યારની વાત વિચ્યારજ્યો. ૫૫ મહારી પાંતીનુંરે; હાલ સાબુત તમ્યે કરો, મેં તો થડ થકિરે; શ્રંમ કિધો છે ખરેખરો. ૫૬ મુંનીવરે તાંહાંરે, ધરમશુ છેડી ગંઠન કરયુ; વૃકોદર તણુંરે, ચક્ષુને રૂપ તાંહાં ફરયુ. ૫૭ હેવું દરશીનેરે, મુંની મનમાં ત્રાશીગયા; આ પરણાવતાંરે, આપડે અહી પુરા થયા. ૫૮ પછે ભિંમનેરે, એરજુન જોશી નિકુળને યેમ ધરમાદિરે; વરમાળા રોપી જોઇ મુળને. ૫૯ કંન્યાદાંનજરે, યે રિત્યે પ્રથક્ પ્રથક્ કર્યાં; મંગળફેરા તાંરે, આગળ પાછળ સૌફર્યાં. ૬૦ મળિમંડપેરે, માંનુની મંગળ ગાયછે; નર નારિયોરે, નગ્રમાં જોવાને જાય છે. ૬૧ તાં વાજીંત્રનારે, શબ્દ મનોહર થાય છે; સાસુ પંચનેરે કંસાર પીર્સવા જાયછે. ૬૨ ધાર્મિક ચારરે, જમ તાં સાંધા માંધા થાયછે; તાં વૃકોદરરે; સરવના સાટાનું ખાય જે. ૬૩ તાં પ્રોહિત કેહેરે, ભુમીના ભાગનું માડજ્યો; વૃકોદર વદેરે, ભાંડ ગમેતો ડાટજ્યો. ૬૪ કરધોઇનેરે, સાસુનુ પટ ભિંમે સહ્યું; ભુજ ભારથીરે, પેહેરેલ વસ્ત્ર ખશીગયુ. ૬૫ પરણી ઉઠીનેરે; દ્રુપદેરે કિધ પેહેરાંમણી, લક્ષ ભારજરે; સોવૃણ આપ્યુ પ્રતી ગણિ. ૬૬ યેક યેકનેરે; સોંસોં તુરી ને કનક ભળ્યા, વસ્ત્ર ભુષણેરે અશ્વ મુકિને મણીનરયા. ૬૭ દાસ દાસીયોરે ગજરથ યુક્ત આપી ઘણી; ક્રદને મોકલીરે, ધરમને ભેટય સોહાંમણી. ૬૮ પરણી ઉઠીયારે પાંડવ જીત્યા જાહેર થયા, પેહલા રથ લેઇરે વિદુર હસ્તીનાપુર ગયા. ૬૯ ધતરાષ્ટનેરે; વિદુરે તાં ખાધિ વધાંમણિ, આપડા સુતરે; પરણ્યાતાં મચ્છ હાથ્યે હણી. ૭૦ ધતરાષ્ટ તારે, પરમ મગન પોત્યે થયા, દુર્યોધન તણીરે, બુદ્ધિથી સઉ હારી ગયા. ૭૧ પુત્ર પણ પાંકીરે, મંડપ મુરતરી ગયો, કશીવાતનાંરે, ઓરિઓ હેનેના રહ્યો. ૭૨ હાંહ વિદુર કહેરે, તાહારામાં જાણી શમદ કરી, દુર્યોધન આવેરે, હળધરને સાજી ભરિ. ૭૩ તાહારે ત્રાતજરે, તન પડયો

કે કાંણુ પરણીયા, તારે વિદુર કેહેરે, પાંડુના પુત્ર મેં વરણીયા. ૭૪ અહિકેના નારે, ફુલની પેઠયે ઉપર થયા, ઉરમાં વીશરે, વાણુત નહિ સળગી ગયા. ૭૫ ભલે ઉગરયારે, ભાઇ હું બહુ રાજી થયો;લોકાપવાદરે, માહારે માંથેથી ખશી ગયો. ૭૬ એમ કરતાં ત્યાં દુર્યોધના દિક આવિયા, શાંમવદનનેરે; શોકનાં સાગર લાવિયા. ૭૭ નિચુ ભાળિનેરે, મુકે નીસાસા નરપતી, નથી કહેવાતરે, વિદુરના દેખતાં વિનતિ. ૭૮ વિશ્રામ વિનતી વરણાતિ નથી, વિદુર વદે તેવારરે, વિરાતુ કહે તે કરૂ, મામુઝેષ લગારરે. ૧ દુર્યોધન તવ બોલિયો, પીતા પાસ નીરધારરે; રેવારસીક તે વર્ણવે, અંતર પીડય અપારરે. ૨ ઇતિશ્રી ભાષાભારતે શત શાહસ્ત્ર સંહીતાયાં, આદીપર્વ મચ્છવેધ પાખ્યાંને; કવી શ્રી રેવાશંકર વીરચીતે દ્રોપદિ પુર્વોત્પત્તી વર્ણો નાંમ તેરમો અધ્યાય. ૧૩

અધ્યાય ૧૪ મો.

રાગ. બિહાગ. તાત તમ્યે તે તેવડય કરો, માહારી લેશે એ લાજ; પાપી પાંડવતો પ્રગટ થયા, બેહું કથળીને કાજ તાત તમેતે તેવડય કરો, ટેક. ૧ પુરવનું વેરની વીસરે, જેમ તક્ષક નાગ, દ્રુપદ સબંધી સબળ થયો; ભડિ માગશે ભાગ, તાત તેહ. ૨ વિપ્ર વળાવોકો શીખવિ, જાયે દ્રુપદ પાસ, પાંડુના પુત્રને તેતજે, નાદે પુરમાંરે વાસ, તાત તેહ. ૩ નિહતો વરાંગનામો કલો, પ્રથા પુત્રની પાસ, વેહેવશ પ્રગટ થશે વિશ, વઢિ કરશે વિનાશ; તાત તેહ. ૪ નહીતો કરણ જાયે તેડવા, કરે પંથમાં પાત; પાર્થ પવન સુત બેમાંથી કરવી કોકની ઘાત' તાત તેહ. ૫ કરણ કેહ શું સમઝી વદો, પેશ પોતેની વાત. પાંખ આવી તે પાતન થશે, હશે ગોરીથી ઘાત, તાત તેહ. ૬ જેમ

તાર મતા, સુતા સંગમાં, કરયા મરણ ઉપાય, તોહ્ય નવટાંકિતેહેને અહિ હવે કયમ ધિરેરાય, તાત તહ. ૭ એક ને પાંચ એ પરણીયા, નાખ્યો મન-માંહ્યે દ્વેશ, વારાંગનાતાં કરે કશુ, નડગે વિપ્રે નરેશ, તાત તેહ. ૮ મુળથયાં મજબુત આ, તાંણ્યે ટુટી ન જાય, પાંડવ કૃશ્ન મળ્યા નથી, ત્યાં સુધિ છે ઉપાય. તાત તહ. ૯ પ્રથમ દ્રુપદને જીતીયે; કરી યુદ્ધ અપાર, પાચેને તાહર પછી હણો, હરખ્યા અંધ તેવાર, તાત તહ. ૧૦ ધન ધન કર્ણ તાહરી મતી રૂચીયે મુને વાત, એ રીતે જેવળ ઉતરે, પુછુ ભિશ્મ પ્રભાત, તાત તહ.૧૧ વિચારી સરવે સયન કરયુ, થયો પ્રગટ પ્રભાત, ધ્રતરાષ્ટરે તાં પેરયે કરી, ભિશ્મ દ્રોણને વાત, તાત તહ. ૧૨ ભિશ્મકેહ મકવા કયાં મન ધરો. કરશે કુળનાયે નાશ, તે સાથે લડવા ત્રિલોકમાં, નથી અમર ને આસ, તાત તહ. ૧૩ મહારે તો જમ સરખા તમે, કરવી બેહુનિ સાહ્ય. પ્રથમ આ રાજ્ય છે પાંડુનું, તેને કયમ મે તજાય; તાત તહ. ૧૪ બાળ્યાની ગાળ બેળ્યે ટળિ; કરો કયાં પાછો કલેશ, ભાગ હેનાં રાખીના સકે, જો આવે અમરેશ. તાત તહ. ૧૬ કપટિ કરણ નાંમ તગ્રહી; માથે વાલશો ધુળ, તો કુળ ખોદિયે કાઢશે, વાવે વીશનું યે મુળ, તાત તહ. ૧૬ અર્ધ રાજય આપો સુખે, મળિ રાખો મે ળપ; તા સરવે સુખ પાંમશે, વળશે બન્યેને જય, તાત તહ. ૧૭ દ્રોણ કહેયે અમને રૂચે તેરા સાત્વિક જન, દ્રુપદ પુરથી આવી વસે; પાંચે પાંડુના તન, તાત તહ. ૧૮ કર્ણ કેહ દુર્યોધન સુણો, વિશ્મ દ્રોણ ને પાસ, પુછયે તો પારલાયેનહિ, તે પર કોઈ તિહાસ, તાત તહ. ૧૯ પુર્વેકો અશ્રુચી નામનો, હુતો ભુપતિ યેક, કર્ણ કરીને પ્રધાન તાંહ; ચલવે રાજ્ય વિવેક, તાત તહ. ૨૦, ભુપના શતરૂ સાથે મળિ, તેણ્યે લેવરાવ્યુ રાજ્ય, ભુપને ભુવન તજાવિને, કિધો દેશથી રાજ્ય તાત તહ. ૨૨ તેમતુયે મને પુછતો, લેવરાવશે લાજ, ભેદુ ભમાવીને નાખશે, તારૂ કથળાવા કાજ્ય; તાત તહ. ૨૨ વળતા વિદુરજી તાહ વદે ગ્રહેજ્યો ભિશ્મની વાત, સાચા હેતુ બીજા દ્રોણ છે, સાહુમાં નજાય ભ્રાત; તાત તહ. ૨૩ પાર્થના પક્ષમાં કૃશ્ન છે, બીજો દ્રુપદરાય, ત્રિલોકમળશે તોહ્ય તે, જુદ્ધે નહિયે જીતાય, તાત તહ. ૨૪ પાપી છે સઉ સુત તાહ્યરા,માંને કર્ણની શીખ; ધરમનો દ્રોહ કરયા થકી, મારાગીને મળે ભિખ,તાત તહ.૨૫ ધ્રતરાષ્ટર સુણી બોલિયા, હેવા હેતુછો ત્રેણ, શત્રુભિજા

માહારા સર્વ છે,ઘાંટિ આંણે એમ તાત તહ. ૨૬ જાવો તમેતાં દ્રુપદપુરે,તેડલાવો હે બાળ,કહે તાં વિદુર રથ ઇ પળ્યા, મળ્યા જઇ તતકાળ તાત તહ.૨૭ દ્રુપદ તકે પાસે હુતા, મળ્યા હરખી અપાર, વિનય કરી સમઝાવિયા; આપો આ-જ્ઞા આવાર, વેગે કરોને વિદાય દ્રુપદકે મેં ચેકેવાયને જાંણે શ્રીવ્રજરાય; તાત તહા. ૨૯ વિશ્વપતિકે વિદાયદાં, વાસવ તને શોભાય, વળતી ગમે તહારે તેડજો; ભુપે આપી વિદાય, તાત તહ. ૩૦ દ્રુપદ કુંન્તાને દ્રપદિ, પંચે પુત્ર છે સાથ્ય, ગજ હય રથનેં ગરથ ઘણો, આવ્યા ગજપુર નાથ; તાત તહ. ૩૧ નર નારી નરખિને હરખિયાં, વાહાલ પ્રગટયુત્ર તમ પ્રાણ ગયેલો પાછો મળે, રાજિજન થાય જ મ; તાત તહ. ૩૨ ભિસ્મ દ્રોણ કૃપાચાર્ય દિ-મળિ લાગ્યારે પાય; આનંદે પાંચ દિવસ રહ્યા, તેડયા ધ્રતરાષ્ટરાય; તાત તહ. ૩૩ ધર્મધિરને તેડી કહ્યું સુખે રેહેવાને કાજ્ય; ઇંદ્રપ્રસ્થમાં તમ્યે વસો, આપુ અરધનું રાજ્ય, તાત તહ. ૩૪ હું છતાં વેહેચ્યે વાંધો નરહે; નીતો કલેશનું મુળ, માહારેતો સઉ સરખા તહમ્યે; શાથી ભ્રાતનું કુળ, તાત તહ. ૩૫ ધરમકે ચેમલ્યો કિજયે; વેહેચ્યુ નીમે નરેશ; કુંન્તા કુંવરને કૃપાનીધિ; વળ્યા વાટયે તેદેશ, તાત તહ. ૩૬ વાંસે વળાનાને ચાલિયું; આખુ હસ્તા-નાપુર ઇંદ્રપસ્થમાં પોતે પરયા; માંડયો યજ્ઞતાં સુર; તાત તહ. ૩૭ ઘ્યા-સાહિતાં મુનિ આવિયા; યજ્ઞ કિધો રેહાંમ, નયુ નત્રુ તાં રછાવીયુ. વાપી વાપી કુપત થાંમ; તાત તહ. ૩૮ દાગ બગીચાને અંગલા, રૂડા રાજદ્વાર ચૌટાંને ચોક ચતુર વિધે, વશી વરણ અપાર; તાત તહ. ૩૯ હસ્તીનાપુર તે દ્રુટી વશ્યુ, ઇંદ્રપ્રસ્થનીમાંહ્ય; રાજ્ય યુધિષ્ઠીર તહાંકરે, પ્રજા સઉ સુખી તાંહ્ય તાત તહમ્યે તે તેવડથ કરો. ૪૦ વિશ્રાંમ તાંહ્ય સુખી સહુ લોક છે, શોભ સ્વર્ગ સભાયરે; કૃષ્ણ પધાર્યા દ્વારકાં,એમ મચ્છવેધ કથાયરે.૧ પરમ ધર્મ ત્યાં પ્રવર્ત્તાયો જય જય કારરે, રેવારસિકે કહી તે કથા, પાવન પરમ ઉદારરે. ૨૦ ગાય શીખેને સાંભળે; પુરણ રાય મન કોડરે, એક વખત સહુ બોલજો; જયજય શ્રી રણછોડરે. ૩ ઇતિશ્રી ભાષા મહાભારતે શતસા-હસ્ત્ર સંહિતાયાં આદિપર્વ હુવિત્રા પાખ્યાને કવિશ્રી રેવાશંકર વિરચિતે દુર્યોધન ખેદ પાંડવ ઇંદ્રપ્રસ્થ રાજ્ય વિભાગ વર્ણોનાંમ પુરણ અંકોધ્યાયઃ

ઇતિશ્રી મચ્છવેધની કથા સંપૂર્ણ.

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

કથાઓનાં પુસ્તકો.

શ્રીકૃષ્ણ ચરિત્ર—ગોકુળલીલા, મથુરાલીલા, અને દ્વારકાલીલા, દશમસ્કંદ, ગુજરાતી કવિતામાં ઉત્તમ રાગ રાગણી સાથે કવિરત્ન ગિરધરદાસનું રચેલ ચરિત્ર વૈશ્ણવી સંપ્રદાય અને કથા કરનાર બ્રાહ્મણોને અતિ ઉપયોગી. સુપરરોયલ આઠ પેજી ૪૦૦ પૃષ્ટ છતાં મૂલ્ય રૂ. ૧—૮—૦ પોષ્ટેજ રૂ. ૦—૪—૦

મહાભારત—વ્યાસ વલ્લભરામ સુર્યરામકૃત (ચિત્રો સહિત) મહાભારતની કથા કરવામાં પંકાયલા વ્યાસ વલ્લભરામની રસિક વાણીથી કોઇ ભાગ્યેજ અજાણ્યું હશે. તેમનું રચેલું ભારત રસિક અને મનવાંછીત ફળ આપનારૂં હોવા છતાં તથા મોટી સાઇઝનાં લગભગ ૧૦૨૫ પાંનાં જેટલું મોટું કદ હોવા છતાં આવૃત્તિમાં વ્યાસજીનું ચિત્ર અને બીજા પણ ઉત્તમ ચિત્રો નાખ્યા છે. મૂલ્ય રૂ. ૩—૦—૦ પોસ્ટેજ રૂ. ૦—૮—૦

જાલંધર આખ્યાન—(ખંભાત નિવાસી કવિ રેવાશંકર કૃત) એ મહાભારત માંહિલું અતિ રસિક આખ્યાન તેમજ કથા પ્રસંગના ઠેકાણે ઠેકાણે ચિત્રો અને લીટીવાળા મોટા અક્ષરો હોવાથી વૃદ્ધોને પણ વાંચવા સુગમ પડે તેવું છતાં મૂલ્ય રૂ. ૦—૧૨—૦ પોસ્ટેજ રૂ. ૦—૨—૦

શિવપુરાણ—આ ગ્રંથમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરનુ ઉત્પન્ન થવું, દક્ષ, કથા, તારકાસુર આખ્યાન, કામદેવનું દગ્ધ થવું, પાર્વતીનું તપ, શિવ વિવાહ, કાર્તિક સ્વામીની ઉત્પત્તિ, ત્રિપુરાસુર આખ્યાન, લિંગોત્પત્તિ, શિવજીએ ચંપા કેવડાને આપેલો શ્રાપ, ગણેશ ઉત્પત્તિ, ચંદ્ર ઉત્પત્તિ, દ્વાદશ જ્યોતિર્લિંગ કથા—મહિમા, ગંગાની ઉત્પત્તિ તથા કાશી મહાત્મ્ય ગૌતમ મહાત્મ્ય, રેવા મહાત્મ્ય, પતિવ્રતાના ધર્મ, શીવ સહસ્ત્ર નામ, શીવરાત્રી કથા, પંચીકરણ, રૂદ્રાક્ષ તથા વિભૂતિ મહાત્મ્ય. એ વિગેરે ઘણી બાબતો તથા આખ્યાનો તેમાં આવેલાં છે. રામાયણ તથા ભારતના જેવું રસિક બનાવેલું, મોટા અક્ષરનું તથા મોટા કદનાં લગભગ ૫૦૦ પાનાનું પુસ્તક છતાં રૂ. ૧—૮—૦ પોસ્ટેજ રૂ. ૦—૩—૦.

દીવ્ય ડંકપુર મહારસ મહાત્મ્ય—ખંભાત નિવાસી કવિ **રેવાશંકરકૃત જાલંધર આખ્યાન** સર્વ કોઇએ વાચ્યું હશે, અને આ પુસ્તક પણ તેમણેજ રચ્યું છે. એમાં શ્રી રણછોડજીની પરમપાવની કથા, દ્વાપારથી કલિયુગ સુધી કૃષ્ણાવતારથી તે ડાંકોર પાવન કરતાં સુધીની રાગરાગણીમાં રસિલી ભાષામાં વર્ણવી છે. વૈષ્ણવોને અત્યંત ઉપયોગી છે. અક્ષર લીટીવાળા હોવાથી વૃધ્ધોને લાભકારી છે. રૂ. ૧—૦—૦ પોસ્ટેજ રૂ. ૦—૪—૦.

બુકસેલર—મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે,

ત્રણદરવાજા—અમદાવાદ.